RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૨ | બુધવાર, તા.૨૭-૦૩-૨૦૨૪ | અંક : ૭૮ | વર્ષ : ૧૯ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# જમ્મુ-કાશ્મીરમાંથી સેના હટાવવાની વિચારણા : અમિત શાહ

## AFSPA હટાવવા અંગે પણ વિચારીશું તેમ પણ જણાવ્યું



નવીદિલ્હી,
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ-કાશ્મીરને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે કેન્દ્ર સરકાર આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ એટલે કે જમ્મુ-કાશ્મીરમાં લાગુ AFSPA હટાવવા પર વિચાર કરી રહી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન ગૃહમંત્રી શાહે દાવો કર્યો હતો કે સરકાર કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને અહીંની કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસ પર છોડી દેવાની પણ યોજના બનાવી રહી છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસને સોંપવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે પહેલા જમ્મુ-કાશ્મીર પોલીસ પર ભરોસો ન હતો, પરંતુ આજે તેઓ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા છે. સાથે જ અમિત શાહે એમ પણ કહ્યું કે અમે AFSPA હટાવવા અંગે પણ વિચારીશું. ગૃહમંત્રી અમિત શાહે ઈન્ટરવ્યુ દરમિયાન દાવો કર્યો હતો કે સપ્ટેમ્બર મહિના પહેલા જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. શાહે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહીની સ્થાપના એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વચન છે અને તે પૂરું થશે. કેટલાક પક્ષો પર નિશાન સાધતા શાહે કહ્યું કે હવે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહી માત્ર ત્રણ પરિવારો સુધી સીમિત નહીં રહે. જમ્મુ અને કાશ્મીરમાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) ના આરક્ષણ પર ગૃહ પ્રધાન શાહે કહ્યું કે મોદી સરકારે પહેલીવાર જમ્મુ અને કાશ્મીરના ‘ગ્ઝને અનામત આપી છે. આ સિવાય મહિલાઓને એક તૃતીયાંશ અનામત આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત આપવામાં આવી હતી. અમે SC અને ST માટે જગ્યા બનાવી છે. ગુર્જરો અને બકરવાલોનો હિસ્સો ઘટાડ્યા વિના પહાડીઓને ૧૦ ટકા આરક્ષણ આપવામાં આવ્યું છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોને સમાવવા માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ લાભો પાયાના સ્તર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે.

# બિગ બોસ વિનર મુનાવર ફારુકી પોલીસ કસ્ટડીમાં

## મંગળવારે રાત્રે દરોડા દરમિયાન હુક્કા પાર્લરમાં મળી આવ્યો

મુંબઈ,
સ્ટેન્ડ અપ કોમેડિયન અને બિગ બોસ ૧૭ના વિજેતા મુનાવર ફારુકીને પોલીસે કસ્ટડીમાં લીધો છે. જણાવવામાં આવી રહ્યું છે કે પોલીસે મંગળવારે રાત્રે મુંબઈમાં એક હુક્કા પાર્લરમાં દરોડા દરમિયાન આ કાર્યવાહી કરી હતી. ફારૂકીની સાથે અન્ય ૬ લોકોની પણ અટકાયત કરવામાં આવી છે. હાલ તપાસ ચાલુ છે. કહેવામાં આવી રહ્યું છે કે તમાકુ ઉત્પાદનોના ઉપયોગની માહિતી મળતાં પોલીસે દરોડો પાડ્યો હતો.આ દરોડા દરમિયાન પોલીસે ૧૪ લોકોની ધરપકડ કરી હતી જેમાં મુનાવર ફારૂકીનો પણ સમાવેશ થાય છે.

# અમદાવાદમાં ઈન્કમ ટેક્સ વિભાગ ફરીથી ત્રાટક્યું

અમદાવાદ,
અમદાવાદના આશ્રમ રોડ સહિતના વિસ્તારોમાં આવકવેરા વિભાગ ત્રાટક્યું છે. અમદાવાદના આશ્રમરોડ સહિતના વિસ્તારોમાં તપાસ ચાલી રહી છે. અમદાવાદમાં ૧૩ જગ્યા પર દરોડા અને સર્વેની કામગીરી ચાલુ છે. તેમા આઈટીના ૭૫થી પણ વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. આવકવેરા વિભાગને તેના અંગે વિશેષ બાતમી મળી છે. આવકવેરા વિભાગને વિશ્વાસ છે કે આ દરોડામાં મોટાપાયા પર બેનામી વ્યવહારો મળી આવશે.

ઉલ્લેખનીય છે કે કોરોના પછી છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં હોટેલ અને ડેરી સાથે સંલગ્ન કારોબારમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. બંને સેક્ટરોએ છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. આમ છતાં તેમણે સાધેલા વિકાસનું પ્રતિબિંબ તેમના દ્વારા ચૂકવવામાં આવતા કરમાં જોવા ન મળતાં આવકવેરા વિભાગ પણ ચોંકી ઉઠ્યુ હતુ અને તેમને સેક્ટર વાઈઝ અંડર રિકવરીમાં ઓબ્ઝર્વેશન હેઠળ મૂક્યા હતા.

# ભારતનો ડંકો : સમગ્ર એશીયામાં સૌથી વધુ વિદેશી રોકાણ મેળવ્યું

## માર્ચ મહિનામાં વિદેશી સંસ્થાઓએ ૩.૬૩ અબજ ડોલર ઠાલવ્યાઃ કોરોના કાળ પછીનું સૌથી મોટુ રોકાણ

નવીદિલ્હી,
સમગ્ર વિશ્વમાં સૌથી વધુ આર્થિક વૃધ્ધિદર ધરાવતા ભારતનો અર્થતંત્રમાં ડંકો વાગી જ રહ્યો છે અને તેના પર વિદેશીઓ પણ આફરીન હોય તેમ વિદેશી રોકાણમાં જંગી વધારો થવા લાગ્યો છે. માર્ચ મહિનામાં સમગ્ર એશીયામાં સૌથી વધુ વિદેશી રોકાણ ભારતે મેળવ્યું છે.

દક્ષિણ કોરીયા, તાઈવાન, ઈન્ડોનેશીયા જેવા દેશો પણ ભારતથી પાછળ રહ્યા છે. જયારે જાપાન, મલેશીયા, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, વિયેટનામ અને શ્રીલંકા જેવા દેશોમાંથી વિદેશી રોકાણ પાછું ખેંચાયું છે.

માર્ચ મહિનામાં ભારતમાં ૩.૬૩ અબજ ડોલરનું વિદેશી રોકાણ ઠલવાયું હતું જે છેલ્લા ચાર વર્ષનું સૌથી વધુ છે. આ ઉપરાંત ભારતીય નાણા સંસ્થાઓને પણ ૫૨૪૬૭ કરોડનું રોકાણ કર્યુ હતું.

ભૌગોલિક ટેન્શન અને ઉંચા વ્યાજદરના દર વચ્ચે પણ ભારત પ્રત્યેનો વિદેશી ઈન્વેસ્ટરોનો લગાવ વધતો રહ્યો હતો. વિદેશી સંસ્થાઓએ ડિસેમ્બર-૨૦૨૩ પછીનો સૌથી મોટુ રોકાણ કર્યુ હતું. ભારત સિવાય વિદેશી નાણા સંસ્થાઓએ દક્ષિણ કોરીયા, તાઈવાન તથા ઈન્ડોનેશીયામાં પણ રોકાણ કર્યુ હતું. દક્ષિણ કોરીયામાં ૨.૯૧ અબજ ડોલર, તાઈવાનમાં ૧.૧૪ અબજ ડોલર તથા ઈન્ડોનેશીયામાં ૫.૮૫ અબજ ડોલર ઠાલવ્યા હતા.

# કેજરીવાલની ધરપકડ-રિમાન્ડ પર દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી શરૂ

## EDએ AAPના ગોવાના પ્રભારી દીપક સિંગલાના દિલ્હીના ઘર પર દરોડા પાડ્યા

નવીદિલહી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે EDની ધરપકડ અને રાઉઝ એવન્યુ કોર્ટના રિમાન્ડના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો છે. જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની કોર્ટમાં આ કેસની સુનાવણી શરૂ થઈ ગઈ છે. કેજરીવાલ વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી હાજર થયા હતા અને ED વતી એટર્ની સોલિસિટર જનરલ રાજુ હાજર થયા હતા.

ASG રાજુએ કહ્યું હતું કે અમે વિગતવાર જવાબ દાખલ કરવા માંગીએ છીએ. મુખ્ય કેસમાં અમને ૩ અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. આ કેસમાં પણ અમને જવાબ દાખલ કરવા માટે પૂરતો સમય મળવો જોઈએ. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે આ વિલંબની યુક્તિઓ છે. અમે હાઈકોર્ટને અપીલ કરીએ છીએ કે આ અંગે હવે નિર્ણય લેવામાં આવે. તમે તેને સ્વીકારો અથવા નકારી કાઢો.

ASG રાજુએ કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય માત્ર આક્ષેપો કરવાનો છે.

# સાંગલીમાં ડ્રગ ફેક્ટરી પર દરોડા રૂા.૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત

## ખેતરમાં મેફેડ્રોન બનાવવામાં આવતું હતું, છ આરોપી પકડાયા

નવીદિલ્હી,
મહારાષ્ટ્રના સાંગલીમાં ફરી ડ્રગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સાંગલીમાં નિર્જન સ્થળે ડ્રગ ફેક્ટરી પર દરોડા પાડી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંદાજે રૂપિયા ૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત કર્યું હતું. આ મામલામાં શંકાસ્પદ આરોપીને પકડીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ગુનામાં સંડોવાયેલો મુખ્ય આરોપી મૂળ સાંગલીના કવઠે મહાંકાળનો છે તે ગત ૧૭ વર્ષથી મુંબઈમાં રહેતો હતો. તે ડ્રગની હેરાફેરી કરતો હોવાની માહિતી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જેના આધારે તેને પકડવામાં આવ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે એમડી ડ્રગ બનાવવાના નેટવર્કને પ્રકાશમાં લાવીને છ જણની ધરપકડ કરાઈ હતી. સાંગલીના ઈરળી ગામમાં અત્યંત નિર્જન જગ્યાએ આરોપીઓએ એક રૂમમાં ડ્રગ બનાવવાની ફેક્ટરી સ્થાપી હતી. પોલીસે માહિતીના આધારે અહીં છાપો મારીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. દરમિયાન અંદાજે રૂપિયા ૨૪૫ કરોડની કિંમતનું ૧૨૨.૫ કિલો મેફેડ્રોન મળી આવ્યું હતું.

અગાઉ ગત ફેબ્રુઆરીમાં સાંગલીના કુપવાડામાં દરોડા પાડીને અંદાજે ૩૦૦ કરોડનું મેફેડ્રોન કબજે કરવામાં આવ્યું હતું. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી.

# મમતા બેનર્જી પરની ટિપ્પણી બાદ ભાજપે દિલીપ ઘોષને નોટિસ આપી

નવીદિલ્હી,
પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર ટિપ્પણી કરનાર બીજેપી નેતા દિલીપ ઘોષને તેમની જ પાર્ટીએ નોટિસ ફટકારી છે. નોટિસ જારી કરીને ભાજપે ઘોષના નિવેદનો પર નારાજગી વ્યક્ત કરી છે પરંતુ તેમની પાસેથી સ્પષ્ટતા પણ માંગી છે. ભાજપે નોટિસ જારી કરીને કહ્યું કે, ‘તમારું નિવેદન અભદ્ર અને અસંસદીય છે. આ ભારતીય જનતા પાર્ટીની પરંપરાઓ વિરુદ્ધ છે. પાર્ટી આવા નિવેદનોની નિંદા કરે છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાની સૂચના મુજબ વહેલામાં વહેલી તકે આ મામલે સ્પષ્ટતા કરો અને યોગ્ય પગલાં લો. બીજેપી નેતા દિલીપ ઘોષે મમતા બેનર્જી પર વિવાદિત નિવેદન આપતાં કહ્યું હતું કે મમતા બેનર્જી ક્યારેક પોતાને ગોવાની દીકરી કહે છે તો ક્યારેક ત્રિપુરાની દીકરી.

# MP-બિહાર, બંગાળના ભાજપના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

## મોદી-શાહ સભા કરશે : બંગાળમાં મિથુન ચક્રવર્તી, અમિત માલવિયા સ્ટાર પ્રચારક

નવીદિલ્હી,
ભાજપે લોકસભા ચૂંટણીને લઈને ત્રણ રાજયો માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે જેમાં મધ્યપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. તમામ રાજયોમાં ભાજપના ૪૦-૪૦ દિગ્ગજ નેતાઓના નામ છે.

પીએમ મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ત્રાણેય રાજયોમાં જાહેર સભાઓ કરશે.મધ્યપ્રદેશ માટે ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ૭ કેન્દ્રીય મંત્રીઓના નામ સામેલ છે. આ ઉપરાંત ૬ ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ પણ એમપીમાં પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરતા જોવા મળશે.

મધ્યપ્રદેશના સીએમ ડો. મોહન યાદવ, પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ, કેન્દ્રીય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયા અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ વીડી શર્મા જેવા મોટા નામો પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. આ સાથે જ રાજય સરકારના અનેક મંત્રીઓ અને સંગઠન સાથે જોડાયેલા પદાધિકારીઓને પણ પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે. ખાસ વાત એ છે કે તાજેતરમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પચૌરીને પણ ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં સ્થાન મળ્યું છે.બિહારમાં લોકસભા ચૂંટણી પ્રચાર માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં કુલ ૪૦ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે અમિત શાહ, જેપી નડ્ડા, રાજનાથ સિંહ, નીતિન ગડકરી, એમપી સીએમ મોહન યાદવ, બિહારના બંને ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી, વિજય સિંહાનું નામ છે. તે જ સમયે કેન્દ્રીય મંત્રી અશ્વિની ચૌબેને પણ સ્થાન મળ્યું છે, જો કે તેમની ટિકિટ બક્સરથી કપાઈ ગઈ છે.

# નેપાળના મેયરની પુત્રી ગોવામાં ગુમ

ગોવા,
ગોવામાં ઓશોના સ્થાનક ખાતે મેડિટેશન માટે આવેલી નેપાળના મેયરની ૩૬ વર્ષીય પુત્રી ગુમ થઈ હોવાની માહિતી મળી છે. નેપાળના સત્તાવાળાઓએ આ મામલે ગોવા પોલીસનો સંપર્ક કર્યો હતો. નેપાળના મેયરની પુત્રી આરતી હમાલ છે. આરતી ઓશો મેડિટેશનની અનુયાયી છે જે છેલ્લા કેટલાક મહિનાઓથી ગોવામાં રહી હતી અને સોમવારે રાત્રે છેલ્લીવાર જોવા મળી હતી.

સોમવારે રાત્રે લગભગ ૯.૩૦ વાગ્યે અશ્વેમ બ્રિજની નજીકમાં આરતી છેલ્લે જોવા મળી હતી. સવાર સુધી તે હોટેલ રૂમમાં પરત નહી ફરતા હોટેલના સ્ટાફે આરતીના મિત્રને જાણ કરી હતી. આરતી છેલ્લા કેટલાક મહિનાઓથી ઓશો મેડિટેશન સેન્ટર સાથે સંકળાયેલી હતી.

આરતીના મિત્રએ તેના ગુમ થવા અંગે પરિવારને જાણ કરી હતી. આરતીના પિતા અને મેયર ગોપાલ હમાલે સોશિયલ મીડિયા પર તેમની પુત્રીને શોધવામાં મદદ કરવા વિનંતી કરી હતી.

# ૨૧ રાજ્યોની ૧૦૨ સીટો માટે ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ

## તમિલનાડુની ૩૯, રાજસ્થાનની ૧૨ અને મધ્યપ્રદેશની ૬ બેઠકોનો સમાવેશ : પ્રથમ તબક્કાનું ૧૯ એપ્રિલે મતદાન

નવીદિલ્હી
લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આજે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો માટે નોમિનેશનની છેલ્લી તારીખ છે. તેની પ્રક્રિયા ૨૦ માર્ચથી શરૂ થઈ હતી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૨૮ માર્ચે નામાંકન ફોર્મની ચકાસણી થશે અને ઉમેદવારો ૩૦ માર્ચ સુધી તેમના નામ પાછા ખેંચી શકશે.

ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે મતદાન થશે. આ ૧૦૨ બેઠકોમાં તામિલનાડુની ૩૯, રાજસ્થાનની ૧૨ અને મધ્યપ્રદેશની ૬ બેઠકોનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચે ૧૬ માર્ચે પ્રેસ કોન્ફરન્સ કરીને લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી. જો કે બિહારમાં હોળીના કારણે શિડ્યુલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અહીં નોમિનેશન માટેની છેલ્લી તારીખ ૨૮ માર્ચ નક્કી કરવામાં આવી છે. ૩૦ માર્ચે સ્ક્રુટીની થશે. બિહારના ઉમેદવારો ૨ એપ્રિલ સુધી તેમના નામ પાછા ખેંચી શકશે.

# રામલલા મંદિર પરિસરમાં તૈનાત પ્લાટૂન કમાન્ડરને વાગી ગોળી

## લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથે લખનૌ ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવ્યો

નવીદિલ્હી,
અયોધ્યાના શ્રી રામ મંદિર પરિસરમાં તૈનાત PACના પ્લાટૂન કમાન્ડરને ગોળી વાગવાનો મામલો સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, મંગળવારે ૫૩ વર્ષીય કમાન્ડન્ટ રામ પ્રસાદને શંકાસ્પદ સંજોગોમાં ગોળી વાગી હતી. આ પછી સ્થળ પર હંગામો મચી ગયો હતો. કમાન્ડરને ઈજાગ્રસ્ત હાલતમાં તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાંથી તેને લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથે લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યો. જ્યારે ફાયરિંગનો અવાજ સાંભળીને નજીકમાં હાજર અન્ય સુરક્ષાકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે રામ પ્રસાદને છાતીમાં ગોળી વાગી હતી અને તે લોહીથી લથપથ જમીન પર પડેલા હતા. આ માહિતી તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને આપવામાં આવી હતી અને તેમને ડિવિઝનલ હોસ્પિટલ દર્શન નગરમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં સિવીયર હીટવેવની આગાહી : ૪૦ ડિગ્રી સુધી પારો જશે

અમદાવાદ,

રાજયમાં અંગ દઝાડતી ગરમીનો એહસાસ થઈ રહ્યો છે. સોમવારે ધૂળેટીના તહેવારમાં પણ લોકોને આકરી ગરમીનો સામોનો કરવો પડ્યો હતો. મોટાભાગના શહેરોનું તાપમાન ૩૮ ડિગ્રી પાર નોંધાયું હતુ. તો રાજકોટમાં સૌથી વધુ ૩૯.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુરૂવાર સુધી ગુજરાતમાં તાપમાનનો પારો ૪૩ને પાર જશે તેવી ચેતવણી છે. તો બીજી તરફ હજી પણ બેવડી ઋતુમાં લોકો બીમાર પડી રહ્યા છે.

રાજયમાં ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાનના આંકડા જોઈએ તો અમદાવાદ ૩૮.૬ ડિગ્રી, ગાંધીનગર ૩૮.૫ ડિગ્રી, ડીસા ૩૮.૪ ડિગ્રી, વડોદરા ૩૮.૬ ડિગ્રી, ભાવનગર ૩૭.૪ ડિગ્રી, રાજકોટ ૩૯.૯ ડિગ્રી, સુરેન્દ્રનગર ૩૯.૫ ડિગ્રી, મહુવા ૩૮.૦ ડિગ્રી, ભુજ ૩૯.૮ ડિગ્રી, કંડલા ૩૭.૬ ડિગ્રી, કેશોદ ૩૮.૫ ડિગ્રી નોંધાયેલ છે



હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજયમાં આગામી દિવસોમાં ભીષણ ગરમીનો પ્રકોપ જોવા મળશે. ગુજરાતના મોટાભાગે હિટવેવના વિસ્તારોમાં તાપમાન ૩૯- ૪૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. જેમાં પવનની દિશા ઉત્તર પશ્ચિમથી પશ્ચિમ તરફ રહેશે. રાજ્યમાં અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે ગુજરાતના અનેક શહેરોમાં હીટવેવની આગાહી કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં હીટવેવની આગાહી છે. અહીં પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, કચ્છમાં ભીષણ ગરમી પડશે. તો ગીર સોમનાથમાં સિવિયર હીટવેવની આગાહી છે. મોટાભાગના શહેરોનું તાપમાન ૩૮ ડિગ્રી ઉપર નોંધાયું છે.

દર વર્ષે માર્ચ મહિનાની શરૂઆતથી ઉનાળાની શરૂઆત થઈ જતી હોય છે, પરંતુ આ વર્ષે અગાઉના વર્ષની તુલનામાં માર્ચ મહિનાનું સામાન્ય તાપમાન ઓછું રહ્યું છે. માર્ચ મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો, પરંતુ આ મહિનાના બીજા સપ્તાહથી જ તાપમાનથી ગુજરાતવાસીઓને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી માર્ચ મહિનાના અંત સુધીમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ પણ વરસાદની આગાહી કરી છે. તેમણે કહ્યું કે, દિવાળીના બીજા દિવસે એટલે કે બેસતા વર્ષથી હોળી સુધી આકાશમાં જે કસ (ચોમાસામાં વરસાદ થવા માટેનાં વાદળનાં ચિહ્ન) દેખાય તેના ૨૨૫ દિવસ પછી જે વિસ્તારમાં કસ દેખાયો હોય ત્યાં વરસાદ થવાની સંભાવનાઓ રહેતી હોય છે. આ દેશી વિજ્ઞાનની વાત કરીને હાલ જે વાદળો થાય છે તેને પણ કસ ગણવાનો છે. હાલ હોળી નજીક છે ત્યારે આ કસનો છેલ્લો રાઉન્ડ છે.

## વલસાડમાં જૂની અદાવતમાં યુવાનનું અપહરણ કરી ૪ મિત્રોએ કરી હત્યા

વલસાડ,

પુના ગામમાં એક વ્યક્તિનું અપહરણ કર્યા બાદ હત્યાનો મામલો સામે આવ્યો છે. હત્યાની ઘટનાને છૂપાવવા આરોપીઓએ લાશને સળગાવી દીધી હતી. આરોપીના મિત્રના ભાઈની હત્યાનું વેર રાખી વ્યક્તિનું અપહરણ કરી હત્યાના ગુનાને અંકજામ અપાયો હતો.




હત્યાની અદાવતમાં ચાર મિત્રોએ ભેગા મળી એક વ્યક્તિની હત્યા કરી હતી. ગળું દબાવી હત્યા બાદ મૃતદેહને વાપી નજીક સળગાવી દેવાયો હતો. પોલીસને ગેરમાર્ગે દોરવા આરોપીઓ દ્વારા ગોળ-ગોળ જવાબ અપાયા બાદ પોલીસની કડક પૂછપરછમાં એક આરોપીએ ગુનો કબૂલ્યો હતો. મૃતકના અવશેષો કબ્જે લઈ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. હત્યા કેસમાં હજુ ત્રણ આરોપી ફરાર છે જેની પોલીસ શોધખોળ કરી રહી છે.

## ૨૪ કલાકમાં હાર્ટએટેકથી ૪ શહેરના ૬ યુવકના મોત

### સામાન્ય પ્રવૃત્તિ કરતી વખતે પણ આવે છે હૃદયરોગનો હુમલો

અમદાવાદ,

૨૪ કલાકમાં રાજ્યના સુરત, વડોદરા, ભરૂચ અને ઉનામાં હાર્ટએટેકથી ૨૫થી માંડી ૪૧ વર્ષ સુધીના ૬ યુવકના મોત થયા હતા. સુરતમાં એક જિમ ટ્રેનર સહિત ૩ યુવાન અચાનક બેભાન થઈ ગયા બાદ એટેક આવવાથી તેમનું મૃત્યુ થયાનું નિદાન થયું હતું.

૩૫ વર્ષનો જિમ ટ્રેનર સાહિલ પટેલ સોમવારે ધુળેટી રમ્યા પછી મિત્રો સાથે બેઠો હતો અને એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતાં તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ તેને બચાવી શકાયો ન હતો. જ્યારે હજીરામાં ૨૬ વર્ષના આકાશ ચૌહાણનું પણ અચાનક દુઃખાવાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં




મૃત્યુ થયું હતું. ગોડાદરામાં રહેતો ૨૯ વર્ષનો સુનિલ વેમુલાને અચાનક ઊલટીઓ થઈ હતી અને હોસ્પિટલમાં ખસેડાતા મૃત જાહેર કરાયો હતો. ત્રણેય કિસ્સામાં યુવકોને ઊલટી અને છાતીમાં દુઃખાવાની ફરિયાદને પગલે હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

ઊનામાં હોળીની પ્રદક્ષિણા કરી રહેલા વિવેક સોલંકી નામના ૨૭ વર્ષના યુવકને અચાનક ચક્કર આવતાં તે નીચે પડ્યો હતો. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાય તે પહેલાં જ તેનું મૃત્યુ થયું હતું. પોસ્ટમોર્ટમ પછી સરકારી હોસ્પિટલના ડોક્ટર મિશ્રાએ કહ્યું કે, હાર્ટએટેકથી મોત થયું હતું.

વડોદરાના કિશનવાડી વિસ્તારમાં રહેતો અક્ષય વસાવા મિત્રના ઘરે બેઠો હતો. વાતો કરતાં કરતાં અચાનક તેની તબિયત બગડતાં સયાજી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ડોક્ટરોએ તેને મૃત જાહેર કરતાં મૃત્યુનું કારણ હૃદયરોગનો હુમલો હોવાનું આપ્યું હતું. અન્ય એક બનાવમાં એલેમ્બીક રોડ પાસે રહેતાં એક આધેડને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ સાથે હોસ્પિટલ લઈ જવાયા હતા. પરંતુ હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું.

## ગુજરાતના રાજકારણમાં અસદુદ્દીન ઓવૈસીની એન્ટ્રી



### લોકસભાની ૨ બેઠક પર ઉમેદવાર ઉતારશે

અમદાવાદ,

ભરુચ લોકસભા બેઠક ઉપર મનસુખ વસાવા સામે ચૈતર વસાવા તેમજ છોટુ વસાવાની પાર્ટી તરફથી જો કોઈ ઉમેદવાર આવે તો એ સિવાય હવે એઆઈએમઆઈએમ પાર્ટીનો પણ ઉમેદવાર જોડાશે. આ ઉપરાંત મહત્વની ગણાતી એવી ગાંધીનગર લોકસભા બેઠક જ્યાંથી દેશના ગૃહ મંત્રી અમિત શાહ લડી રહ્યા છે એ બેઠક ઉપર પણ એઆઈએમઆઈએમ ઉમેદવાર ઉતારશે. એઆઈએમઆઈએમએ ઉમેદવારની પસંદગી માટેની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ભરૂચમાં ભાજપ અને ઇન્ડિયા' સામે એઆઈએમઆઈએમ લડશે. મહત્વની વાત એ છે કે એઆઈએમઆઈએમની એન્ટ્રી માત્રથી રાજકીય સમીકરણોમાં પરિવર્તન આવશે.

## દુષ્કર્મ કેસમાં બલ્ગેરિયન યુવતી દ્વારા CBI તપાસની કરાઈ માગણી

### બલ્ગેરિયન યુવતીના વકીલે સમરીમાં કાઢેલી ખામીઓને લઈને પોલીસને જવાબ રજૂ કરવા નોટિસ પણ પાઠવી

અમદાવાદ

બલ્ગેરિયન યુવતી દુષ્કર્મ કેસમાં પોલીસે તપાસ પૂર્ણ કરીને આ કેસમાં જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ પૂરતા પુરાવા ઉપલબ્ધ ના હોવાની થિયરી સાથે છ સમરી ફાઈલ કરી હતી. જો કે, ત્યારબાદ યુવતી મીડિયા સમક્ષ ઉપસ્થિત થઈ હતી. જેને પોલીસ ઉપર યોગ્ય રીતે તપાસ ના કરવાનો અને તેને આપેલા સાક્ષીઓને નહીં તપાસવાનો આક્ષેપ કર્યો હતો. સાથે જ સાક્ષીઓના નામ કેડિલા પાસે પહોંચી જતાં હોવાનું જણાવ્યું હતું.

પોલીસે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ફાઈલ કરેલી આશરે ૧૮૦૦ પેજની સમરીની સર્ટિફાઈડ કોપી યુવતી દ્વારા માંગવામાં આવી હતી. જે તેને ૨૩ માર્ચે મળી હતી. આ સમરીના અભ્યાસ બાદ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં તેનો વિરોધ પીડિત પક્ષે કર્યો હતો. પીડિત પક્ષ દ્વારા પોલીસ તપાસમાં જે ખામીઓ રહી ગઈ છે. તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જેના આધારે પીડિત પક્ષે આ કેસને હાઈકોર્ટને રીફર કરવા માટે ગ્રામ્ય કોર્ટ સમક્ષ માગ કરી છે.

## નશાની હાલતમાં સગા બાપે ૧૧ વર્ષની પુત્રીની આબરૂ લૂંટવાની કરી કોશિષ

### અમદાવાદમાં શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો

અમદાવાદ

અમદાવાદમાં પિતા પુત્રીના સંબંધોને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. રામોલમાં નશાની હાલતમાં પિતાએ પોતાની સગી દીકરી સાથે અડપલા કરી આબરૂ લેવાની કોશિષ કરી છે, જોકે ૧૧ વર્ષની સગીરાએ પ્રતિકાર કરતા પિતા ઘરમાંથી જતો રહ્યો અને આ અંગે પરિવારના અન્ય સભ્યોને જાણ થતાં પોલીસ મથકે દીકરી સાથે છેડતી કરનાર નરાધમ પિતાની ધરપકડ કરી છે.

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ આરોપી બે દીકરીઓ અને બે બહેન-બનેવી સાથે રહે છે. આરોપીની પત્નીનું ૧૧ વર્ષ પહેલાં અવસાન થયું હતું. તેને સંતાનમાં બે દીકરીઓ છે જેમાં મોટી દીકરી હાલ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે.

## યુનેસ્કોએ ગરબાને નવી ઓળખ આપી અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરનું પ્રમાણપત્ર આપ્યું

ગાંધીનગર,

ગુજરાતના દર વર્ષ નવરાત્રિના સમયે ૯ દિવસના ગરબાનું આયોજન થાય છે. જેમાં હજારોની સંખ્યામાં લોકો એક સાથે માં અંબેની આરાધનાના પર્વને સેલિબ્રેટ કરે છે. ગુજરાતની સંસ્કૃતિ અને માં અંબાની આરાધનાથી જોડાયેલા ગરબા આયોજન રાજયની સંસ્કૃતિને અભિવ્યક્ત કરે છે. ગુજરાતના ગરબાને યુનેસ્કોએ વૈશ્વિક ઓળખ આપતા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર જાહેર કરાઈ હતી. ગુજરાતના ગરબા હવે દેશવિદેશમાં ખ્યાતિ પામી રહ્યાં છે. ત્યારે ગુજરાતના ગરબાએ વધુ એક સિદ્ધી મેળવી છે. યુનેસ્કોએ ૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ગરબાને આ સન્માનની જાહેરાત કરવામાં આવી હતી. ૨૨ માર્ચ ૨૦૨૪ના રોજ આ સન્માન યુનેસ્કોના ડાયરેક્ટર



જનરલે પેરિસમાં ગુજરાત સરકારના મંત્રી હર્ષ સંઘવી અને પ્રફુલ પાનસેરિયાની આપ્યું છે. આમ, યુનેસ્કો દ્વારા ગુજરાતનું ગૌરવ અને સાંસ્કૃતિક વિરાસત સમા ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર' જાહેર કરતું પ્રમાણપત્ર ગુજરાતને અર્પણ કરવામાં આવ્યું છે.

## અમેરિકામાં ગાંધીનગરના ૨૩ વર્ષીય યુવક પોન્ઝી સ્કેમમાં ફસાયો




ગાંધીનગર,

વિદેશમાં મોટા પ્રમાણમાં રૂપિયા કમાવવાની લાલચે દેશના અનેક યુવાનો ફસાઈ ચૂક્યા છે, ત્યારે આ વચ્ચે રાજ્યના પાટનગર ગાંધીનગરનો એક ૨૩ વર્ષીય યુવક પોન્ઝી સ્કેમમાં ફસાયો હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, યુએસના અલાબામામાં ગાંધીનગરના ૨૩ વર્ષીય યુવક પર ૪,૦૦,૦૦૦ ડોલરના પોન્ઝી કૌભાંડનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોપી પથ્યમ પટેલે રજીસ્ટ્રેશન વગર જ સિક્યોરિટીઝ વેચવાનું શરૂ કર્યું અને મોટા વળતરની બાંયધરી આપ્યા બાદ પૈસા વસૂલવાનું ચાલુ રાખ્યું હતું.આ ઉપરાંત તેણે ક્યારેય સિક્યોરિટીમાં રોકાણ કર્યું ન હતું. સાથે સાથે તેણે તેનો ઉપયોગ તેના અંગત ખર્ચને પહોંચી વળવા માટે કર્યો હતો.

## પાંચ લાખથી ઓછી લીડ આવશે તે હું નહીં ચલાવી લઉં - પાટીલ

### દરેક ધારાસભ્ય પોતાના વિસ્તારમાં ૧ લાખની લીડ લાવે તેવી અપીલ કરી

અમદાવાદ

ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે મળેલી બેઠકમાં સી આર પાટીલે કહ્યું કે, કોઈ તકલીફ હોય તો અત્યારથી કહી દેજો, જેથી તેનુ નિરાકરણ કરી શકાય, બાકી પાંચ લાખથી ઓછી લીડ સ્વીકાર્ય નથી.

લોકસભા ચૂંટણીને લઈને કાર્યકરોને મહત્વપૂર્ણ ટકોર કરતા કહ્યું કે, ચૂંટણીમાં ટિકિટ કોઈ એક ને જ આપી શકાય. સમર્થકો હશે પણ તમને જે પદ મળે તેમાં સક્ષમ બનો. ‘‘પ્રયાસ પ્રમાણિક હશે તો પાર્ટીને પરિણામ મળશે જ’’ તેમજ તેમણે જણાવ્યુ છે કે, કોઈપણ તકલીફ હોય



તો તરત જ મને જાણ કરો’’ નુકશાન થઈ ગયા બાદ કારણો જાણવામાં કોઈ રસ નથી. આ સાથે જ સી આર પાટીલે બેઠકમાં જણાવ્યું કે, ૫ લાખની લીડમાં મુશ્કેલી હોય તો મને કહો. તેમજ દરેક ધારાસભ્ય પોતાના વિસ્તારમાં ૧ લાખની લીડ લાવે તેવી અપીલ કરી હતી.

પોણા પાંચ લાખની લીડ આવશે તો કોઈ બહાનું નહી ચલાવામાં આવે. તેમજ જણાવ્યુ છે કે નકલી મતદારને મતદાન કરતા રોકવામાં આવે ૩ દિવસમાં લાભાર્થી અને પેજ કમિટી સભ્યો પૂર્ણ સંપર્ક કરવામાં આવે તેવી માહિતી આપવામાં આવી હતી. બૂથમાં ઓછામાં ઓછા ૧૫૦ અને વધુમાં વધુ ૨૫૦ ભાજપના ઝંડા લગાવો. ૧૦૧ ધારાસભ્ય, લાભાર્થી સંપર્ક, પેજ કમિટી સભ્ય, ભાજપના ઝંડા લગાવા માટે માહિતી આપી. તેમજ નક્કી કરાય તેનાથી એક રૂપિયો વધુ ખર્ચ ન થાય તેની પણ ચેતાવણી આપવામાં આવી હતી.


## ભીખાજીને ટિકિટ આપ્યા બાદ ઉમેદવારી પરત ખેંચાતા વિરોધ શિસ્તબદ્ધ પાર્ટીમાં સાબરકાંઠા સળગ્યું

હિંમતનગર,

સાબરકાંઠા લોકસભા બેઠક ફરી ચર્ચામાં આવી છે. ભાજપે જાહેર કરેલા મહિલા ઉમેદવાર સામે વિરોધનો સૂર ઉઠ્યો છે. ભાજપે પહેલા અહીંથી ભીખાજી ઠાકોરને ટિકિટ આપી હતી, જેમણે પાછી પાની કરતા શોભનાબેન બારૈયાને ટિકિટ આપી છે. ત્યારે હવે શોભનાબેન કાર્યકર્તા પણ ન હોવાથી વિરોધ કરાયો છે. તાલુકા પંચાયતના સભ્યએ પત્ર લખી વિરોધ કર્યો છે. હિંમતનગર તાલુકા પંચાયતના સભ્ય જિતેન્દ્રસિંહએ પત્ર લખી વિરોધ કર્યો છે. મૂળ કોંગ્રેસની નેતાના પત્નીને ટિકિટ આપતા ભાજપના કાર્યકર્તાઓમાં ભારે નારાજગી જોવા મળી છે. જેને પગલે મેઘરજમાં બંધ રાખીને રેલી કાઢવામાં આવી છે. ભાજપના કાર્યકરોએ કહ્યું કે, કોંગ્રેસનો ભરતીમેળો ભાજપને જ ભારે પડ્યો છે.

## સ્વાઈન ફ્લૂના કેસમાં એકાએક વધારો

### એક જ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૮૦ કેસ નોંધાયા, ૯ લોકોના મોત




અમદાવાદ,

ગુજરાતમાં એક તરફ બેવડી ઋતુનો માર છે. આ વચ્ચે અંગ દઝાડતી ગરમી આવી ગઈ છે. બેવડી ઋતુમાં લોકો બીમાર પડી રહ્યાં છે. ત્યારે હવે ગુજરાતમાં નવી બીમારીએ દસ્તક આપી છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂથી બચીને રહેવાનો સમય આવ્યો છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કેસમાં એકાએક વધારો થયો છે. એક જ મહિનામાં સ્વાઈન ફ્લૂના રાજ્યસભરમાં ૧૮૦ કેસ નોંધાયા છે. જેમાં ૯ લોકોના તો મોત થયા છે. સ્વાઈન ફ્લૂના સૌથી વધુ કેસમાં ગુજરાત દેશભરમાં ચોથા સ્થાને છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કેસ વધી રહ્યા છે જેથી વધતા સ્વાઈન ફ્લૂના કેસના કારણે આરોગ્ય વિભાગની પણ ચિંતા વધી છે. છેલ્લા એક મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૮૦ કેસ આવ્યા છે. નવા વર્ષ ૨૦૨૪ માં સ્વાઈન ફ્લુનો કહેર જોવા મળ્યો છે. નવા વર્ષમા સ્વાઈન ફ્લૂથી ૯ લોકોના મોતના કેસ આવ્યા છે. માત્ર બે નહિમાં સ્વાઈ ફ્લૂના ગુજરાતમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. દેશભરમાં ગુજરાત સ્વાઈન ફ્લૂના કેસમાં ચોથા સ્થાને છે. સમગ્ર દેશમાં આ વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં જ સ્વાઈનફ્લૂના ૨૫૪૫ કેસ નોંધાયા હતા. જેમાં દેશભરમાંથી કુલ ૭૭ લોકોના બે મહિનામાં મોત થયા છે. તબીબોના મતે સ્વાઈન ફ્લૂ મિક્સ ઋતુને કારણે વકર્યો છે. ઠંડી તેમજ ભેજવાળા વાતાવરણમાં સ્વાઈન ફ્લૂના કેસમાં વધારો થાય છે. હવે ઉનાળામાં ગરમી વધશે તેમ સ્વાઈન ફ્લુના કેસ ઘટશે તેવી શક્યતા જોવાઈ રહી છે.

## નકલી માર્કશીટ અને બોગસ ડીગ્રી કૌભાંડમાં વધુ એક આરોપીની દિલ્લીના હરિયાણા ખાતેથી ધરપકડ

### સિંગણપોર પોલીસે ૬૦ જેટલી બોગસ ડિગ્રીઓ અને માર્કશીટ સાથે આરોપીને ઝડપી પડ્યો

સુરત,

સુરતની સિંગણપોર પોલીસ દ્વારા નકલી માર્કશીટ અને બોગસ ડીગ્રી કૌભાંડમાં વધુ એક આરોપીની દિલ્લીના હરિયાણા ખાતેથી સિંગણપોર પોલીસે ૬૦ જેટલી બોગસ ડિગ્રીઓ અને માર્કશીટ સાથે આરોપીને ઝડપી પાડી ધરપકડ કરી છે. જ્યારે સમગ્ર કૌભાંડમાં સામેલ અન્ય આરોપીઓની પણ પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હમણાં સુધી કુલ છ આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જેમાં બોગસ ડીગ્રીનો ઉપયોગ કરનારા આરોપીઓનો પણ સમાવેશ થાય છે. સુરતના સિંગણપોર વિસ્તારમાંથી પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલા આંતરરાષ્ટ્રીય નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી બનાવવાના કૌભાંડ મામલે વધુ એક આરોપીની પોલીસે દિલ્હીના હરિયાણા ખાતેથી ધરપકડ કરી છે. સુરત ડીસીપી પિનાકીન પરમારના જણાવ્યા અનુસાર, ૨૧ માર્ચના રોજ સુરત સીંગણપોર પોલીસ દ્વારા નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી બનાવવાના રાષ્ટ્રવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કરી નિલેશ સાવલિયા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. જે આરોપી પાસેથી લેપટોપ, કોમ્પ્યુટર સહિત ૧૩૭ અલગ અલગ રાજ્યના શિક્ષણ બોર્ડની નકલી માર્કશીટ અને જુદી જુદી યુનિવર્સિટીઓની બોગસ ડિગ્રીઓ કબજે કરવામાં આવી હતી. જે આરોપીની પૂછપરછ માં ફરીદાબાદના મનોજકુમાર નામના શખ્સ સામે આવ્યું હતું.

# લાલપુર બાયપાસ ચોકડી પાસેથી પસાર થતી આઈઓસીની પાઈપ લાઈનમાં લીકેજ અંગે મોકડ્રીલ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક લાલપુર બાયપાસ ચોકડી પાસેથી પસાર થઈ રહેલી આઈ.ઓ.સી.ની સલાયા-મથુરા પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું છે, તે બાબતે જુદી જુદી એજન્સીઓની સતર્કતાની ચકાસણી અર્થે મોકડ્રીલ યોજાઈ હતી, અને તમામ ટીમો જરૂરી મશીનરી-સાધનો સાથે ઘટના સ્થળે સમયસર પહોંચી જઈ પાઈપલાઈનમાં લીકેજ દૂર કરવા અંગેની કવાયત કરી હતી.

જામનગર નજીક લાલપુર બાયપાસ પાસેથી આઈએસીની પાઈપલાઈન પસાર થાય છે, જે પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું છે, તેવો સંદેશો આઈ.ઓ.સી.- વાડીનારની ટીમને મળ્યો હતો. જેથી વાડીનાર આઈ.ઓ.સી.ની ટિમ સાધન સામગ્રી અને જરૂર સ્ટાફ સાથે લાલપુર બાય પાસ ચોકડી પાસે પહોંચી હતી. તેની સાથે સાથે જામનગર મહાનગરપાલિકાની ફાયર વિભાગની ટીમ અને પોલીસ તંત્ર પણ દોડતું થયું હતું. જયાં એક સ્થળે પાઈપલાઈનમાં લીકેજ થઈ રહયું છે, તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સાથો સાથ તે પાઈપલાઈનમાં આગ લાગી છે, તેવી પણ પ્રક્રિયાઓ હાથ ધરીને તંત્ર દ્વારા મોકડ્રીલ યોજાઈ હતી.

જે સમગ્ર પ્રક્રિયા સમયસર પૂર્ણ કરી લેવામાં આવી હતી, અને તંત્ર દ્વારા આખરે મોકડ્રીલને પૂર્ણ જાહેર કરવામાં આવી હતી. વહીવટી તંત્ર દ્વારા ફાયર બ્રિગેડ તથા અન્ય જરૂરી સ્ટાફની સતર્કતા ચકાસવા અંગે તેમજ ફાયર ટેન્ડર સહિતના જરૂરી ઈક્યુમેન્ટ વગેરેની કાર્યપ્રણાલીની ચકાસણીના અર્થે આ મોકડ્રીલ યોજાઈ હતી.

સાથો સાથ આઈ.ઓ.સી. ની પાઈપલાઈન કે જેમાં જ્વલનશીલ કાચું તેલ પસાર થાય છે, અને આસપાસના ગ્રામજનોને તે અંગે જાણકારી મળી રહે, તેમ જ આ રાષ્ટ્રીય સંપતિ છે. તેની સુરક્ષા પણ થવી જોઈએ, વગેરેની ચકાસણી અર્થે અને લોકોમાં જાગૃતિ લાવવાના સંદર્ભમાં આ મોકડ્રીલ યોજવામાં આવી હતી.

# જામનગરના જુનામોડા ગામની તરૂણીની વાલ્વ અને હૃદય રોગની વિના મૂલ્યે સફળ સર્જરી કરાઈ



જામનગર : જામનગર તાલુકાનાના અલીયાબાડા આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા જુના મોડા ગામમાં રહેતા અને ખેત મજુરી કામ કરતા રામસંગ જાડેજાની પુત્રી મનીષાબા જાડેજા (૧૭) પ્રસંગ અર્થે મહેસાણા ગયા હતા, જ્યાં તેને શ્વાસ ચડવો, ધબકારા વધી જવું, જેવી તકલીફ થઈ હતી. પ્રાઈવેટ હોસ્પિટલમાં પ્રાથમીક તપાસ કરી જેમાં વાલ્વ અને હૃદયની તકલીફનું જણાવ્યું હતું, ત્યાર બાદ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ.ભાયા, અને જામનગર તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર ડો. જીગ્નેશ પટેલના માર્ગદર્શન હેઠળ આવતા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર અલીયાબાડાના મેડીકલ ઓફિસર ડો.મકસુદ સમાને ઓ.પી.ડી માં આ તકલીફ વિશે વાત કરી હતી.

ત્યાર બાદ આરોગ્ય કેન્દ્ર હેઠળ કામ કરતી રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ટીમના ડો.પ્રિયંકા રાબડીયા અને એફ.એચ.ડબલ્યુ ઉર્મિલા પરમાર દ્વારા ઘરે મુલાકાત કરી રીપોર્ટ તપાસ કરી અમદાવાદ યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જે હોસ્પિટલ દર્દીને દુર હોવાથી રાજકોટની શ્રી સત્યસાઈ હાર્ટ હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા, અને ૬-૧-૨૦૨૪ ના રોજ દર્દીને હોસ્પિટલ ખાતે દાખલ કરી નિષ્ણાત ડોક્ટરની ટીમ દ્વારા પ્રાથમિક તપાસમાં ૨ ડી ઈકો, ઈસીજી, લોહી તપાસ કરાવ્યા બાદ ૧૨-૦૧-૨૦૨૪ ના રોજ હૃદયની અને વાલ્વની સર્જરી કરી ક્ષતિને દૂર કરી ૧૮-૦૧-૨૦૨૪ ના રોજ હોસ્પિટલ માંથી રજા આપવામાં આવી હતી. અને દર ૬ મહીને નિયમિત તપાસ અર્થે કહેવામાં આવ્યું છે.

આરોગ્ય તંત્ર દ્વારા તરૂણીની સમગ્ર સારવાર અને વાલ્વની અને હૃદયના કાણાની સર્જરી તદ્દન વિનામૂલ્ય પીએમ-જય કાર્ડ હેઠળ કરવામાં આવી હતી. તદઉપરાંત દર્દીને આવવા જવાના ખર્ચ ભાડા પેટે ૩૦૦ રૂપિયા તેના ખાતામાં જમા કરવામાં આવ્યા હતા. આરોગ્ય ટીમ દ્વારા હાલમાં દર્દીના ઘરે સમયાન્તરે મુલાકાત કરવામાં આવે છે. દીકરી હાલ પેલાની જેમ શાળાએ અભ્યાસ કરવા જાય છે. માતા પિતા અને પરિવાર ગદગદિત થઈ ડૉક્ટરો અને આરોગ્ય તંત્રનો આભાર માન્યો હતો.

# રાજ્ય કક્ષાના "અતુલ્ય વારસો" આઈડેન્ટી એવોર્ડ મેળવતા દ્વારકાના ચિત્રકાર સામત બેલા


તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરના પ્રખ્યાત ચિત્રકાર સામતભાઈ બેલાને રાજયકક્ષા માટે અતુલ્ય વારસો આઈડેન્ટી એવોર્ડ ૨૦૨૩-૨૪ માટે પસંદ કરવામાં આવેલ છે. અતુલ્ય વારસો આ એક ગુજરાતની પ્રસિદ્ધ સંસ્થા છે જે ગુજરાતની સંસ્કૃતિ અને વારસાનું જતન કરનાર વિશિષ્ટ વ્યક્તિઓનું રાજ્ય લેવલે એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરે છે. આ વખતે પણ ૫૦૦ જેટલી વિશિષ્ટ વ્યક્તિઓમાંથી અતુલ્ય વારસો કમિટી જિલ્લા વાઈસ આ સન્માનને હકદાર વ્યક્તિઓની પસંદગી કરી છે. જેમાંથી દેવભૂમિ દ્વારકાના જામ કલ્યાણપુર રહેવાસી પ્રસિદ્ધ ચિત્રકાર સામતભાઈ બેલાની પણ પસંદગી કરવામાં આવી છે. અને આગામી ૭ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે આ તમામ વિશિષ્ટ વ્યક્તિઓનું એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે.

ચિત્રકાર સામંતભાઈ બેલા હાલ હરીપર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવે છે. સાથે સાથે પોતાના કલાના માધ્યમથી આપણી સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરવાના પ્રયત્નો કરે છે. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ પ્રાપ્ત કરેલા છે. તેમજ તેમના નામે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ જેવા અનેક વર્લ્ડ રેકોર્ડ પણ સ્થાપિત થયેલા છે. આ તકે દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ગૌરવ વધારનાર સામત બેલાને ખુબ ખુબ શુભકામનાઓ.

# માર્ચ મહિનામાં જામ્યુકો દ્વારા રજાના દિવસોમાં વેરો સ્વીકારવામાં આવશે

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષનું છેલ્લુ અઠવાડીયુ હોવાથી લોકોને પણ સમયસર બાકી વેરો ભરપાઈ કરી આપવા અનુરોધ કર્યો છે. અને રજાના દિવસોમા પણ વેરા રકમ સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકા દ્વારા જુના બાકી વેરા ભરપાઈ કરનાર આસામીને ૧૦૦ ટકા વ્યાજ માફી આપવામાં આવી રહી છે. હવે આ યોજનાની મુદ્દત પૂર્ણ થતી હોવાથી અનેક મિલકતધારકો પૈસા ભરવા મહાનગરપાલિકા પહોંચી રહ્યા છે.

બીજી તરફ વાર્ષિક લક્ષ્યાંક સુધી પહોંચવા માટે વેરા શાખા પણ વસુલાત ઝુંબેશ ચલાવી રહી છે. હવે વર્ષ વર્ષ ૨૦૨૩-૨૪નું છેલ્લુ અઠવાડીયું બાકી છે. ત્યારે વધુને વધુ વેરા રકમ મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. આગામી શુક્રવારના ૨૯ ના ગુડ ફ્રાઈડેની અને તા. ૩૧ અને રવિવારે જાહેર રજા છે. આમ છતા આ બન્ને રજાના દિવસોમાં મહાનગરપાલિકાના કેશ કાઉન્ટરો અને સિવીક સેન્ટરોમાં વેરો વસુલાતની કામગીરી યથાવત રીતે ચાલુ રાખવામાં આવનાર છે. નગરજનો પણ વ્યાજ માફી યોજનાનો લાભ મેળવે તેવો અનુરોધ કરાયો છે.

# જામનગરમાં એરફોર્સ સ્કૂલની શિક્ષિકાનો રિક્ષામાં ભુલાયેલો થેલો પોલીસ ટીમે શોધી આપ્યો



જામનગર : જામનગરમાં નુરી ચોકડી પાસે રહેતા અને સમાણા એરફોર્સ સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષિકા પોતાનો કિંમતી સામાન સાથેનો થેલો રિક્ષામાં ભુલાઈ ગયો હતો, જે રીક્ષાને પોલીસે જુદા જુદા સીસીટીવી કેમેરાની મદદથી શોધી આપી શિક્ષિકાને થેલો પરત અપાવ્યો છે.

જામનગરમાં નુરી ચોકડી પાસે રહેતા અને સમાણા એરફોર્સ સ્કૂલમાં ફરજ બજાવતા સરિતાબેન યોગેશભાઈ ભારદ્વાજ કે જેઓ સમાણાથી સ્કૂલ બસમાં જામનગર પરત ફર્યા પછી એક રિક્ષામાં બેસીને પોતાના ઘેર જવા માટે નુરી ચોકડી પાસે ઉતર્યા હતા. દરમિયાન તેઓ પોતાનો કિંમતી સામાન સાથેનો થેલો રિક્ષામાં ભૂલી ગયા હતા. ત્યારબાદ તેઓ તરત જામનગરના પોલીસ વિભાગના સીસીટીવી કેમેરાના કમાન્ડ એન્ડ કંટ્રોલિંગ વિભાગનો સંપર્ક સાધ્યો હતો. જેથી પોલિસ ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારના સીસીટીવી કેમેરા વગેરે ચેક કરવામાં આવ્યા હતા, અને ગણતરીના કલાકોમાં જ રિક્ષાને શોધી કાઢી તેમનું પડેલો શિક્ષિકાનો થેલો પરત અપાવ્યો હતો, જેથી શિક્ષિકાએ પોલીસની ટીમનો આભાર માન્યો હતો.

# દ્વારકાના ડીવાયએસપીની બદલી થતા શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા શુભેચ્છા કાર્યક્રમ યોજાયો


તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં ડી.વાય.એસ.પી તરીકે ફરજ બજાવતા સમીર સારડાની વાંકાનેર બદલી થતાં દ્વારકામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા તેમજ યજમાનવૃત્તિ કરનારા શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા શુભેચ્છાઓ સાથે ભવ્ય વિદાય સમારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દેવભૂમિ દ્વારકા ડિસ્ટ્રીક જજ કે.મોદી, દ્વારકા જિલ્લા પોલીસ અધિકારી એસ.પી નિતેશ પાંડે, દ્વારકા તીર્થ પંડા પુરોહિત પ્રમુખ દિવ્ય પ્રકાશભાઈ ઠાકર, શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી, શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ કારોબારી મધ્યસ્થ સભા તેમજ સલાહકાર સમિતિ સદસ્યો, સામાજિક કાર્યકરો, દ્વારકા તીર્થ પંડાસભા સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા.ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવવી ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ધ્રોલમાં ઈંગ્લિશ દારૂના ગુનામા નાસ્તો ફરતો આરોપી જામનગરમાંથી ઝડપાયો



જામનગર : ધ્રોળ પોલીસ સ્ટેશનના ઈંગ્લિશ દારૂ અંગેના કેસમાં નાસ્તા ફરતા રાપર કચ્છના આરોપીને પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમે જામનગરમાંથી ઝડપી લીધો છે, અને ધ્રોળ પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

જામનગરની પેરોલ ફર્લો સ્કવોર્ડ ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે મૂળ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના બાલાસરી ગામના ભગવાનજી ભાનુભાઈ ડાંગર નામના શખ્સ સામે ધ્રોલ પોલીસ મથકમાં પ્રોહીબીશન અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો, અને તે ગુનામાં પોતે ફરારી હતો. જે આરોપી જામનગર શહેરમાં આવ્યો છે, તેવી ચોક્કસ બાતમી જામનગરની પેરોલ ફર્લો સ્કવોર્ડ ની ટીમને મળી હતી, જે બાતમીના આધારે ગઈકાલે આરોપી ભગવાનભાઈ ડાંગરની અટકાયત કરી લેવામાં આવી છે, અને ધ્રોળ પોલીસ મથકમાં સુપ્રત કરી દેવાયો છે.

# ભાટીયામા ૧૦૫મો મોતીયાના ઓપરેશન સાથે વિના મુલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન

ભાટિયા : કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ - ભાટીયાના આર્થિક સહયોગથી આયોજીત અને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ (આંખની) હોસ્પીટલ- રાજકોટના નિષ્ણાંત ડોકટરની ટીમ દ્વારા નિદાન કરવામાં આવશે. તા.૩૧-૦૩ના રવીવારના મોતીયાના ઓપરેશન સાથે ૧૦૫ મા કેમ્પ નુ આયોજન ભાટીયા ખાતે સરકારી દવાખાનામા સવારે ૯થી૧૨ વિના મૂલ્યે રાખવામા આવેલ છે.

જેમા આંખના દર્દીઓનુ નિદાન કરી જરૂરીયાતવાળા દર્દીઓને ટીપા આપવામા આવશે તથા મોતીયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને રણછોડદાસબાપુ હોસ્પીટલની બસ દ્વારા રાજકોટ લઈ જઈ આધુનીક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનુ ઓપરેશન કરી વિના મુલ્યે નેત્રમણી બેસાડી આપવામા આવશે તથા દર્દીઓને રહેવા, જમવા, ચા-નાસ્તો, ચશ્મા,દવા-ટીપા,તથા ઓપરેશનની તમામ સારવાર વિના મુલ્યે કરી કેમ્પના સ્થળે ભાટીયા ખાતે પરત મુકવામા આવશે. ખાસ નોંધ : દરેક દર્દી આધાર કાર્ડની ઝેરોક્ષ ફરજીયાત સાથે લાવવાની રહેશે. કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ-ભાટીયાના પ્રમુખ-કિશોરભાઈ દત્તાણીએ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરેલ છે. આ કેમ્પમા ચશ્માના નંબર કાઢી આપવામા આવશે નહી. માહીતી માટે મો.- ૯૪૨૭૪૨૦૧૧૧ નોંધ : દર મહીનાના છેલ્લા રવીવારે ભાટીયા ખાતે કેમ્પ નક્કી છે.

## દ્વારકાના પ્રાચીન મંદિરોમાં રંગારંગ દર્શન



દ્વારકા : દ્વારકાના ગોમતીઘાટ પર આવેલા પ્રાચીન શ્રી હાટકેશ્વર મહાદેવના શિવાલયે ધૂળેટીના પાવનપર્વે રંગારંગા દર્શન મનોરથ યોજાઈ ગયેલ. જેનો બહોળી સંખ્યામાં યાત્રિકોએ લાભ લીધેલ. શિવાલયમાં નિત્ય શણગાર તથા સેવા-પૂજાનો ક્રમ ભાવેશ પાઢ (રૂત્વીક) દ્વારા કરવામાં આવે છે.

# જામનગરમાં ત્રણ દરવાજા વિસ્તારમાંથી અજ્ઞાત વૃદ્ધનો મૃતદેહ સાંપડ્યો



જામનગર : જામનગરમાં ત્રણ દરવાજા નજીક પોટરી વાળી ગલીમાંથી ગઈ રાત્રે ૮૦ વર્ષની વયના એક અજ્ઞાત બુઝુર્ગનો મૃતદેહ સાંપડ્યો છે. પોલીસે તેનો કબ્જો સંભાળી ઓળખ માટેની કાર્યવાહી આરંભી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ત્રણ દરવાજા વિસ્તારમાં પોટરીવાળી ગલીમાં ૮૦ વર્ષની વયના એક અજ્ઞાત પુરુષ નો મૃતદેહ મળી આવ્યો હતો. જે બનાવ અંગે સામાજિક કાર્યકર હિતેશગીરી લાલગીરી ગોસાઈએ પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃતદેહનો કબજો સંભાળી તેની ઓળખ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. જયારે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવાયા પછી તેને જી.જી. હોસ્પિટલ ના કોલ્ડરૂમ માં રાખી મૂકવામાં આવ્યો છે.

# મીઠાપુરમાં યુવાનને અપમાનિત કરી બે શખ્સો દ્વારા હુમલો

ખંભાળિયા : દ્વારકા તાલુકાના મીઠાપુર નજીકના ભીમરાણા ગામે એક યુવાનને અપમાનિત કરી હુમલો કર્યાની બે શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

મીઠાપુર તાબેના ભીમરાણા ગામે રહેતા અરજણભાઈ અજુભાઈ રોશિયા નામના ૨૭ વર્ષના અનુસૂચિત જાતિના યુવાનને શિવરાજપુર પાટીયા પાસેના માર્ગે જતા અનિલ માણેક અને રમેશ રવુભા સુમણીયા દ્વારા બિભત્સ ગાળો કાઢી, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યાની તથા ઢીકા-પાટુનો માર માર્યાની તથા ફરિયાદી અરજણભાઈની મોટરકાર પર પથ્થરના ઘા મારી, કાચ તોડી નાખ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાઈ છે. જે અંગે પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ ડીવાયએસપી સાગર રાઠોડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# કાલાવડના મોટા વડાળાના કરિયાણાના વેપારી એકાએક લાપતા થતા પરિવારજનોમાં ચિંતા



કાલાવડ : કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાં રહેતા અને અનાજ કારીયાણાંની દુકાન ચલાવતા એક વેપારી તાજેતરમાં પોતાની દુકાનેથી એકાએક લાપતા બની જતાં પરિવારજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ગુમ થનારની પત્ની દ્વારા પોલીસ મથકમાં ગુમ નોંધ કરાવાતા શોધખોળ શરૂ કરાઈ છે.

આ બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાં રહેતા અને અનાજ કરિયાણાની દુકાન ચલાવતા હરેશભાઈ નાગજીભાઈ મેનપરા (૪૩) કે જે વેપારી તા ૨૧.૩ના સવારે ૧૦.૩૦ વાગ્યે પોતાની દુકાનેથી કોઈ કહયા વગર નીકળી ગયા હતા, અને ત્યારથી લાપતા બન્યા છે. જેઓની અનેક સ્થળે શોધખોળ કર્યા પછી પણ કોઈ પત્તો નહીં સાંપડતાં આખરે વેપારીના પત્ની શિલ્પાબેન હરેશભાઈ મેનપરાએ કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં પોતાના પતિ સંબંધે ગુમનોંધ કરાવતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

# જામજોધપુરમાં હોળીના દિવસે પ્રવાહી ઉડાડવાના પ્રશ્ને ત્રણ યુવાન પર ૬ શખ્સોએ કર્યો હુમલો

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં માર્કેટિંગ યાર્ડ પાસે હોળીના તહેવાર દરમિયાન થમ્સઅપની બોટલમાંથી પ્રવાહી ઉડાડવાના પ્રશ્ને તકરાર થઈ હતી, અને એક ગેરેજ સંચાલક સહિત ત્રણ વ્યક્તિ પર ૬ શખ્સો હુમલો કાર્યની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

જામજોધપુરમાં વિજયનગરમાં રહેતા અને ગેરેજ ચલાવતા પ્રકાશભાઈ મોહનભાઈ ભાલોડીયા કે જેઓ તથા તેની સાથેના અન્ય બે વ્યક્તિ મિલનભાઈ ખૂંટી તથા ચિરાગભાઈ કે જે ત્રણેય પર ધોકા લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે મુન્નાભાઈ બુધાભાઈ મેથાણીયા, પ્રકાશ કોળી, મયુર દીપાભાઈ કોળી, સંજય દિનેશભાઈ કુડેચા, અને બે અજાણ્યા શખ્સો સહિત ૬ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર હોળીની રાત્રે આરોપીઓને બોટલમાં ભરેલું પ્રવાહી ઉડાડવાના પ્રશ્ને ફરિયાદી સાથે તકરાર થઈ હતી, જેનું મન દુઃખ રાખીને આ હુમલો કરાવામાં આવ્યો હતો.

# જામનગરમાં બાઈક પર જતા દાદા-પૌત્રને હડધૂત કરી ૬ શખ્સોનો હુમલો

જામનગર : જામનગર ના શંકર ટેકરી ઉદ્યોગ નગર વિસ્તારમાંથી બાઈક પર જઈ રહેલા દલિત જ્ઞાતિના દાદા-પૌત્ર પર હુમલો કરી તેઓને ગંભીર સ્વરૂપે ઘાયલ કરાયા હતા, જ્યારે દલિત જ્ઞાતિ ના હોવાથી સમાજમાં હલકા પાડવા માટે હડધુત કરાયા હતા. જે મામલે ૬ શખ્સો સામે ફરિયાદ નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી શાસ્ત્રીનગરમાં રહેતા પિયુષભાઈ રમેશભાઈ ખરા (ઉંમર વર્ષ ૨૦) કે જે પોતાના દાદા પુનાભાઈ નાજાભાઈ ખરા ના બાઈક માં પાછળ બેસીને શંકર ટેકરી ઉદ્યોગ નગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં બ્રિજરાજસિંહ જેઠવા તથા અન્ય પાંચ સાગરિતો એ ભેગા મળીને ધોકા પાઈપ વડે હુમલો કરી દીધો હતો, અને બંને દલિત જ્ઞાતિના હોવાથી સમાજમાં હલકા પાડવા માટે હડધુત કરાયા હતા. ઈજાગ્રસ્ત દાદા પૌત્રને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જે બનાવની જાણ થવાથી સીટી સી. ડિવિઝન પોલીસે હુમલાખોર આરોપી બ્રિજરાજસિંહ જેઠવા અને તેની સાથેના અન્ય પાંચ સાગરીતો સામે હુમલા અંગે તેમજ એસ્ટ્રોસિટી એકટ મુજબ ગુનો નોંધ્યો છે, અને તમામ ની શોધખોળ હાથ ધરી છે. આજથી ત્રણ માસ પહેલાં ફરિયાદી અને આરોપીઓ વચ્ચે તકરાર થઈ હતી, જેનું મનદુઃખ રાખીને ગઈકાલે દાદા પૌત્ર મામલતદારની કચેરીએ જામીન આપીને પરત ફરી રહ્યા હતા, દરમિયાન તેઓ પર હુમલો કરાયો હતો.

# જામનગરના સાંસદને હોળી ઉત્સવમાં જૂની વિસરાતી રમતોની યાદ તાજી કરી


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં દરવરસે હોળી ઉત્સવ ઉજવવામાં આવે છે. જામનગરના સાંસદ પૂનમબેન માડમે પણ આ વિસ્તારમાં કુંડાળામાં નિશાનબાજીની રમત રમી ભરપૂર આંનદ માણ્યો હતો તેમજ સૌ ઉપસ્થિતોને પ્રેરીત કર્યા હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# આજે "વિશ્વ રંગભૂમિ દિવસ"

## અભિનય એટલે રંગમંચ ઉપર આપવાની પરીક્ષા : ઊભા છીએ તખ્તાના પીળા પ્રકાશે, ઢળી પણ પડીશું તો અભિનય ગણાશે! - ગની દહીંવાલા

વિશેષ

સમગ્ર વિશ્વમાં ૨૭ માર્ચનો દિવસ "વિશ્વ રંગભૂમિ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ ૧૯૬૧માં "આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાન" દ્વારા કરવામાં આવ્યો હતો. રંગભૂમિનાં મૂળ વેદ-ઉપનિષદમાં જોવા મળે છે. જે સૃષ્ટિ ઈશ્વરે રચી છે અને એમાં માણસ, અન્ય જીવો અને પ્રકૃતિ શ્વસે છે એનો સર્જનહાર ઈશ્વર આ રંગભૂમિનો સૂત્રધાર છે. આપણે બધા તો રંગમંચની કટપૂતળીઓ સમાન છીએ જેમની ડોર ઈશ્વરનાં હાથમાં જ છે.

'ભગવદ ગોમંડલ' ગ્રથનાં આધારે માની શકાય કે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પહેલું નાટક લખાયું ત્યારબાદ ૧૮૫૧માં નર્મદે 'બુદ્ધિવર્ધક' નામની સંસ?થા શરૂ કરી. એ જ અરસામાં શેકસપિયર કલબની સ્થાપના મુંબઇમાં થઇ. આ સમયને ગુજરાતી રંગભૂમિનો ઉદભવ સમય હોવાનું માનવામાં આવે છે. આ એ સમય હતો જ્યારે સ્ત્રી પાત્રો રંગમંચ ઉપર આવતા નહિ તેથી પુરૂષો જ સ્ત્રી પાત્રોનો અભિનય કરતા. એ પછી ધીમે ધીમે રંગમંચનું મહત્વ અને પ્રસિદ્ધિ વધતી ગઈ તેમ તેમાં બદલાવો આવતા રહ્યા. આજે જે રીતે રંગમંચ પર નાટકો ભજવાય છે તેને

આધુનીક યુગ હાઇટેક ટેક્નોલોજીનો યુગ માનવામાં આવે છે. મેકઅપ, કેમેરા, લાઇટસ, સાઉન્?ડ, લેપટોપ, પેનડ્રાઇવ, ટેબલેટ, પૉર્ટેબલ હાર્ડડિસ?ક, એડીટીંગ વગેરેમાં અલ?ટ્રા મોર્ડન ડીઝીટલ ટેક્નોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે.

રંગમંચના કાર્યક્રમ લાઇવ હોય છે. જે થયું તે થયું જ. સ?ટેજ ઉપર ડાયરેક્ટ ટેઇક જ હોય છે. રીટેક થતો જ નથી. ગુજરાતી રંગમંચ પર ભજવાતાં નાટકો એ ગુજરાતી ભાષા અને સાહિત્ય વારસાનો એક અમૂલ્ય ભાગ છે. રંગમંચ પર સુખ અને દુઃખ, પ્રેમ અને ક્રોધ, વેર-ઝેર, તારું ને મારું ગૃહસંચાર, સમાજની વાસ્તવિકતા, માનવીનાં જીવન સાથે સંકળાયેલી અનેક બાબતો નાટકો રૂપી ભજવાય રહી છે. જ્યાં ભાષા જીવે છે ત્યાં સંસ્કૃતિ પણ જીવે છે. ગુજરાતી રંગમંચ એ ગુજરાતી ભાષા અને સાહિત્યને બચાવવાનો એક પ્રયાસ છે. આજે પરિસ્થિતિ એવી છે કે વર્ષ દરમિયાન ગુજરાતી ભાષાના ખૂબ ઓછા નાટકો ભજવાય છે અને તેમાં પણ મુંબઈનાં આધુનિક નાટકો વધુ હોય છે. સિનેમા યુગની શરૂઆત થતા જ નાટક અને નાટ્ય મંડળીઓનો યુગ પુરો થયો હોય તેવુ લાગે છે તેમ છતાં આજે પણ કેટલીક નાટ્ય મંડળીઓ અને નાટકનાં કલાકારો એ આ રંગમંચ ને જીવીત રાખ્યો છે. એથી વિશેષ આજે પણ એવી કેટલીક નાટ્ય મંડળીઓ છે જે ગામડે ગામડે જઈને વેશભૂષા ધારણ કરી નાટકો ભજવે છે. જે શેરી નાટકો તરીકે પણ ઓળખાય છે. રંગભૂમિ માટે કહેવાય છે કે, જાણ?યુ એટલું જાજું અને માણી એટલી મોજ પછી તો ક્યાં છે કશી ખોજ !

# સૌરાષ્ટ્ર આસપાસ

## મોસ્કો એટેક

ભારતીય સંસ્કૃતિ કહે છે કે વેર કોઈ દિવસ વેરથી સમતુ નથી. જેવા સાથે તેવાની નીતિથી બદલો લેવાની ભાવના શમતી નથી. આતંકવાદ સામે હથિયારો ઉઠાવવાથી આતંકવાદનો ખાતમો થશે તે માન્યતા હજી સુધી સાચી થઈ નથી યુદ્ધ કરીને સામા દેશને તબાહ કરી નાખવા નો ઈરાદો હોવા છતાં યુદ્ધ કરીને કોઈ આબાદ થતું નથી. યુદ્ધમાં જે જીતે છે તે આર્થિક રીતે હારે જ છે આ વાતને મોસ્કો એટેક ના સંદર્ભમાં જોઈએ તો રશિયા એ જે કંઈ મુસ્લિમ સંગઠનો પર કહ્યું છે તેનો આ બદલો છે

રશિયામાં મોસ્કોની નજીક આવેલા કોસ્ત્રોગોસ્કના ક્રોકસ સિટી હોલમાં પિકનિક નામના રશિયન રોક ગ્રૂપની કોન્સર્ટ યોજવામાં આવી હતી. પાંચથી છ હજાર લોકો હોલમાં ઉપસ્થિતિ હતા. બરાબર એ જ સમયે ચાર આતંકવાદીઓ સૈનિકોના પહેરવેશમાં આવ્યા હતા. પહેલાં તો બધાને એમ જ લાગ્યું હતું કે, આ સુરક્ષા કર્મચારીઓ છે. ચારેયે જ્યારે લોકો પર અંધાધૂંધ ફાયરિંગ કરવાનું શરૂ કર્યું ત્યારે બધાને ભાન થયું કે, આ તો આતંકવાદી હુમલો છે. પોલીસ આવીને આતંકવાદીઓનો સામનો કરે એ પહેલાં તો આતંકવાદીઓએ અનેક લોકોને ગોળીઓથી વીંધી નાખ્યા હતા. મોતનો આંકડો ૯૩ સુધી પહોંચ્યો છે અને આ આંકડો હજુ વધે એવી શક્યતાઓ છે. ૧૦૦થી વધુ લોકોને ગોળી વાગી છે અને તેમાં ઘણાની સ્થિતિ ગંભીર છે. હુમલાની સાથે જ હોલમાં આગ લાગી હતી. આતંકવાદીઓએ બૉંબ બ્લાસ્ટ કર્યો હોવાનું પણ માનવામાં આવે છે. રશિયામાં આવો હુમલો થવાનો છે એ અમેરિકાને ખબર હતી. અમેરિકાએ કહ્યું કે, અમે રશિયાને ચેતવણી આપી હતી કે, આતંકવાદીઓ તમારે ત્યાં મોટો હુમલો કરવાની ફિરાકમાં છે. રશિયાએ અમેરિકાની વાતને ગંભીરતાથી લીધી નહોતી. રશિયા અને યૂક્રેન યુદ્ધમાં અમેરિકા યૂક્રેનને તમામ પ્રકારની મદદ કરે છે. યૂક્રેન વતી આમ તો યુદ્ધ જ અમેરિકા લડી રહ્યું છે. રશિયાને બરબાદ કરવા માટે અમેરિકા તમામ પ્રયાસો કરે છે એવા સંજોગોમાં રશિયા પર આવનારી આફતની જાણકારી અમેરિકા આપે એ વાત રશિયાના ગળે ઉતરી નહોતી રસિયામાં આતંકવાદી હુમલાબાદ અમેરિકા તરત જ મેદાનમાં આવ્યું એની પાછળ અમેરિકાની દાનત એ સાબિત કરવાની છે કે અમે દુશ્મનોના હિતનું પણ ધ્યાન રાખીએ છીએ નિર્દોષ લોકો ન મળે એની અમને પરવાજ છે અમેરિકા પોતાનો હાથ ઉપર રાખવાનું એકે મોકો છું કે તેઓ દેશ નથી આ કિસ્સમાં બીજી એક વાત એ પણ છે કે અમેરિકાને ખબર હતી કે આતંકી હુમલો થવાનો જ છે પણ રશિયાને કંઈ ખબર નહોતી રશિયા પોતાના ઇન્ટેલિજન્સ મુદ્દે ઊંચી ઊંચી વાતો કરનારો રહે છે અત્યારે તારી ઉમલાખોરો એક હોલ સુધી આવ્યા ત્યાં સુધી રશિયા ને ગંધ શુદ્ધ ન આવી રશિયા માટે આ એક મોટી નિષ્ફળતા છે રશિયા નું ઇન્ટેલિજન્સ નબળું પડી ગયું છે અથવા તો બધાનું ધ્યાન અત્યારે માત્ર યુદ્ધ તરફ જ છે આ એની સાબિતી છે

રશિયામાં મોસ્કોની નજીક આવેલા કોસ્ત્રોગોસ્કના ક્રોકસ સિટી હોલમાં પિકનિક નામના રશિયન રોક ગ્રૂપની કોન્સર્ટ યોજવામાં આવી હતી. પાંચથી છ હજાર લોકો હોલમાં ઉપસ્થિતિ હતા. બરાબર એ જ સમયે ચાર આતંકવાદીઓ સૈનિકોના પહેરવેશમાં આવ્યા હતા. પહેલાં તો બધાને એમ જ લાગ્યું હતું કે, આ સુરક્ષા કર્મચારીઓ છે.

# અમેરીકા ઈતિહાસ રચવા માટે તૈયાર : દુનિયાનું સૌથી મોટું પ્લેન બનાવવાનું એલાન

## મિશન પવન ચક્કીની વિશાળ ૩૦૦- ફૂટ લાંબી બ્લેડને સીધા જ્યાં પવન ચક્કી મુકવાની હોય તે ખેતરોમાં પહોંચાડવાનું

કરંટ ટોપિક

અમેરીકા ઈતિહાસ રચવા માટે તૈયાર છે.અમેરીકામાં વિશ્વનું સૌથી મોટું પ્લેન બનાવવામાં આવી રહ્યું છે. આ વિમાનની અંદર ૩ ઓલિમ્પિક સ્વિમિંગ પૂલ ફિટ થઈ શકે તેમ છે. તેની અન્ય પણ વિશેષતાઓ છે. વૈશ્વિક ઉર્જાનાં સંકટ વધી રહ્યો છે.ત્યારે ઉર્જાના ઉત્પાદન પવન ચક્કીએ મહત્વનો વિકલ્પ બની ગઈ છે.તેમાં પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન ચક્કી એક સંભવિત વિકલ્પ બની રહી છે. પવન ચક્કીઓમાં પણ મોટી પવન ચક્કીઓ સામાન્ય પવન ચક્કી કરતા વધુ વીજળી ઉત્પન્ન કરે છે.પરંતુ મોટી પવન ચક્કીઓની સાધન સામગ્રી રસ્તા દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યા એ પરિવહન કરવા માટે ખૂબ મોટી છે અને તે ખુબ જ મુશ્કેલીઓ પેદા કરે છે.તેને લઈ જવામાં ખુબ તકલીફો આવતી હોય છે. ત્યારે હવે આ સમસ્યાનો ઉકેલ અમેરિકાના કોલોરાડો સ્થિત એનર્જી સ્ટાર્ટઅપ રાડિયાએ શોધી કાઢ્યો છે.અને રાડિયાએ ઉડ્ડયનના ઈતિહાસમાં સૌથી મોટું વિમાન વિકસાવવાનું નક્કી કર્યું છે.

તેમણે આ વિમાનને બનાવવા પર કામ પણ શરૂ કરી દીધું છે. ત્યારે આ કંપની જે વિન્ડરનર એરોપ્લેન બનાવી રહી છે તેનું મિશન પવન ચક્કીની વિશાળ ૩૦૦- ફૂટ લાંબી બ્લેડને સીધા જ્યાં પવન ચક્કી મુકવાની હોય તે ખેતરોમાં પહોંચાડવાનું છે.

આ એરક્રાફ્ટ વિશ્વને તેના ડીકાર્બોનાઇઝેશનના લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ પણ કરશે.આ વિમાન ટકાઉ ઉડ્ડયન ઇંધણનો ઉપયોગ કરશે અને જમીન પર ઉતરવા માટે માત્ર એક સરળ રનવેની જરૂર પડશે.ખેતરો માં વૃક્ષો.ખરાબ રસ્તા વગેરે જેવી અનેક સમસ્યાઓ હોય છે.. ત્યારે આ વિમાન ખુબ સરળતાથી અને ઓછી જગ્યામાં ઉતરી શકશે.આ વિમાન ૬,૦૦૦ ફીટ એટલે કે ૧,૮૦૦ મીટર પર એરસ્ટ્રીપ્સ પર ઉતરી શકે છે. એક અહેવાલ મુજબ, રાડિયાનું કહેવું છે કે આ વિમાન પ્રાદેશિક કેન્દ્રોથી કામ કરશે અને જ્યાં જરૂર પડશે ત્યાં સેવાઓ આપશે.અને આ એરક્રાફ્ટ એવું કંઈ નથી કરી શકતું જે અન્ય કોઈ મોટા કોમર્શિયલ એરક્રાફ્ટ ન કરી શકે.તે તમામ પ્રકારની કામગીરી કરી શકે છે.

આ એરક્રાફ્ટમાં અન્ય પણ અનેક વિશેષતાઓ રહેલી છે. વિન્ડરનર પાસે કાર્ગો બે વોલ્યુમ ૨૭૨,૦૦૦ ક્યુબિક ફૂટ હશે.અને જે ત્રણ ઓલિમ્પિક નાં સ્વિમિંગ પૂલ રાખવા માટે પૂરતું છે.તેમાં ત્રણ ઓલિમ્પિક નાં સ્વિમિંગ પૂલ બનાવી શકાય તેટલી તેની ક્ષમતા છે. આ બોઇંગ ૭૪૭-૪૦૦ કરતા ૧૨ ગણું છે. તે ૩૫૬ ફૂટના સ્પાન સાથે ૧૨૭ ફૂટ લાંબુ પણ છે. જો તેની પાંખોની વાત કરવામાં આવે તો તે ૨૬૧ ફૂટ છેપ. તે એન્ટોનોવ એન- ૨૨૫ ને પણ નાનું કરશે. એન્ટોનોવ એન- ૨૨૫ અત્યાર સુધીનું સૌથી ભારે વિમાન છે, જે યુક્રેન પર રશિયાના આક્રમણની શરૂઆતમાં નાશ પામ્યું હતું.

એનર્જી સ્ટાર્ટઅપ રાડિયારાડિયા કહે છે કે તે વર્તમાન ટેક્નોલોજી અને સુરક્ષા પર ધ્યાન આપી રહી છે.તે યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન હ્લછછ ની મંજૂરી ધરાવતી અજમાયશ, સાચી ઉડ્ડયન સામગ્રી અને બાંધકામ તકનીકોનો ઉપયોગ કરી રહી છે.કંપનીનો વિચાર એરોસ્પેસ ઉદ્યોગના માપદંડોને પૂર્ણ કરતા સુવ્યવસ્થિત કાફલા સાથે જમીન પર દોડવાનો છે.

અ ા મહત્વાકાંક્ષી દાવાઓ પાછળનો માણસ છે રાડિયાના સ્થાપક અને સીઇઓ માર્ક લંડસ્ટ્રોમ, જે ક્રોસ-ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગસાહસિક અને MIT એરોસ્પેસ એન્જિનિયર છે.તેમણે ૨૦૧૬માં રાડિયાની સ્થાપના કરી હતી. કંપની કહે છે કે તેની સલાહકારોની ટીમમાં બોઇંગ, ૈંૈ,રોલ્સ રોયસ અને FAAના ભૂતપૂર્વ ટોચના અધિકારીઓ તેમજ યુએસ એનર્જી સેક્રેટરી અર્નેસ્ટ મોનિઝ અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન માલ્કમ ટર્નબુલનો સમાવેશ થાય છે.

યુએસ સ્ટેટ કોલોરાડો સ્થિત રાડિયા એનર્જી સ્ટાર્ટઅપ વિશ્વના સૌથી મોટા એરક્રાફ્ટ પર કામ કરી રહી છે.અને આ વિમાનનું મિશન વિશાળ ૩૦૦-ફૂટ લાંબા બ્લેડ સીધા ખેતરમાં પહોંચાડવાનું છે. તો આ વિમાન વિશ્વને તેના ડીકાર્બોનાઇઝેશન લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે. તે ટકાઉ ઉડ્ડયન બળતણનો ઉપયોગ કરશે.કંપનીનું વિન્ડરનર એરપ્લેન ખાસ રીતે કામ કરી રહ્યું છે. આ વિમાનનું મિશન વિશાળ ૩૦૦-ફૂટ લાંબા બ્લેડ સીધા ખેતરમાં પહોંચાડવાનું છે.આ વિમાન વિશ્વને તેના ડીકાર્બોનાઇઝેશન લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે. એરક્રાફ્ટ વિશે બહાર આવેલી માહિતી અનુસાર, તે ૬,૦૦૦ ફૂટ જેટલી નાની એરસ્ટ્રીપ્સ પર લેન્ડ કરી શકે છે.જે પોતાનામાં એક મોટી વાત હશે, કારણ કે અન્ય કોઈ મોટા કોમર્શિયલ એરક્રાફ્ટ માટે તે શક્ય નથી.

એનર્જી સ્ટાર્ટઅપ રાડિયા કહે છે કે નવા એરક્રાફ્ટનું સ્કેલ અભૂતપૂર્વ હોઈ શકે છે. પરંતુ એન્જિનિયરિંગ એવું નથી. આ એરક્રાફ્ટને સેફ્ટી પર ધ્યાન આપીને જૂની ટેક્નોલોજીથી તૈયાર કરવામાં આવી રહ્યું છે.એરક્રાફ્ટ માટે યોગ્ય ઉડ્ડયન સામગ્રી, ઘટકો અને ઉત્પાદન તકનીકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આમ વિશ્વનું સૌથી મોટું વિમાન ઇતિહાસ રચવા તૈયાર છે. યુએસ સ્ટેટ કોલોરાડો સ્થિત રાડિયા એનર્જી સ્ટાર્ટઅપ એક ખાસ વિચાર પર કામ કરી રહ્યું છે.અને વિચાર ઉડ્ડયન ઇતિહાસમાં સૌથી મોટા એરક્રાફ્ટ બનાવવા વિશે છે.આ વિમાનથી પવન ચક્કીની ૩૦૦ ફૂટ લાંબી બ્લેડને સીધા ખેતરમાં પહોંચાડી શકાશે. સાથે જ તે ડીકાર્બોનાઇઝેશનના લક્ષ્યોને પૂર્ણ કરશે.

# રાષ્ટ્રપતિ પુતીનનો બદલો ભયાનક હશે

## રશિયા પર થયેલા ભાયાનક આતંકી હુમલા બાદ લોકો શોક સાગરમાં ડૂબી ગયા બીજી બાજુ રાષ્ટ્રપતિ આતંકીઓને નસ્ત નાબૂદ કરવા કેવું પ્લાનિંગ કરી રહ્યા છે?



રશિયા પર થયેલા ભયાનક હુમલાબાદ લોકો ઊંડા શોક સાગરમાં ડૂબી ગયા છે જેના પરિવારજનો મૃત્યુ પામ્યા છે તે લોકો હજી આઘાત માંથી બહાર નથી એવા ચોતરફ ભાયનો માહોલ છે. મોસ્કોના ન્યૂ અરબાત એવન્યુ પર રશિયાની સૌથી મોટી વીડિયો સ્ક્રીનો લાગેલી છે. આ બધી જ સ્ક્રીન પર એક વિશાળ તસવીર છે- સળગતી મીણબત્તી અને રશિયન ભાષાનો શબ્દ 'સ્કોર્બિમ', જેનો મતલબ છે- 'અમે શોકમાં છીએ.' રવિવારે રશિયામાં ક્રોકસ સિટી હોલમાં થયેલા હુમલામાં માર્યા ગયેલા લોકોની યાદમાં શોક પાળવામાં આવ્યો હતો. આ હુમલામાં અત્યાર સુધીમાં ૧૩૭ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. જોકે આ સંખ્યા અંતિમ નથી, કેમ કે હજુ પણ કેટલાક મૃતદેહોની શોધ ચાલુ છે. આખા દેશમાં રશિયાનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાયો. મનોરંજન અને રમત સંબંધિત આયોજનો રદ કરી દેવાયાં અને ટીવી પર ન્યૂઝ એન્કરોએ કાળો પોશાક પહેર્યો. ક્રોકસ સિટી હોલ ભલે મોસ્કોના કેન્દ્રિત વિસ્તારમાં ન હોય, પણ આ આખા રશિયાનું સૌથી ચર્ચિત આયોજન સ્થળોમાંનું એક છે.

શુક્રવારના નરસંહારે આ કોન્સર્ટ હોલને નરકમાં બદલી નાખ્યો. હુમલાખોરોએ માત્ર ગોળીથી લોકોના જીવ ન લીધા, પણ સળગાવીને પણ લોકોને મારી નાખ્યા. તેમણે ઇમારતોમાં આગ ચાંપી દીધી. રશિયાની તપાસ એજન્સીએ જે વીડિયો જારી કર્યો છે તેમાં ઇમારતની છત પડી ગઈ છે. તેમાં મેટલ બીમ પણ સામેલ છે. ઇમારતની બહાર હજુ પણ મોટી સંખ્યામાં પોલીસ દળ તહેનાત છે. હું જ્યાં ઊભો છું ત્યાંથી આ મનોરંજન કોમ્પ્લેક્સનો માત્ર બળી ગયેલો એક ભાગ દેખાય છે. તેનાથી ભીતર થયેલી તબાહીનો અંદાજ આવી શકે છે. આ નરસંહારના પીડિતો માટે એક અસ્થાયી મકબરો બનાવાયો છે, જ્યાં લાંબી કતારોમાં લોકો ફૂલો ચઢાવી રહ્યા છે.

શ્રદ્ધાંજલિ આપવા આવેલા લોકો ગુલાબો અને ફૂલોની સાથે ઢીંગલીઓ અને રમકડાં પણ મૂકે છે, કેમ કે મૃતકોમાં બાળકો પણ સામેલ છે. લોકો અહીં સંદેશ પણ મૂકી રહ્યા છે. એક સંદેશ હુમલાખોરો માટે હતો- 'તમે નીચ છો, અમે તમને ક્યારેય માફ નહીં કરીએ.' અહીં આવેલા લોકોમાં દુઃખ અને ગુસ્સો બંને છે. તાતાન્યા કહે છે, "દેશનું દિલ દુખે છે. મારો આત્મા રોઈ રહ્યો છે. રશિયા રડી રહ્યું છે. આટલી મોટી સંખ્યામાં યુવા માર્યા ગયા છે. મને એવું લાગે છે કે મારાં બાળકોનાં મોત થયા છે." તાતાન્યા અહીં શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે કેટલાંક ફૂલ લઈને આવ્યાં હતાં.

રોમન કહે છે, "આ બહુ મોટો ઝટકો હતો. હું નજીક જ રહું છું, મેં મારી બારીમાંથી આ બધું થતા જોયું. બિહામણું છે અને એક મોટી ત્રાસદી છે." એક વૃદ્ધ યેવજીની કહે છે, "જેણે પણ આ હુમલો કર્યો છે એ માણસ નથી. મને લાગે છે કે રશિયાએ મોતની સજા પરની રોક હટાવી દેવી જોઈએ. કમસે કમ આતંકવાદના કેસમાં."

આ હુમલાના કેસમાં ચાર લોકોની આતંકવાદી ઘટનાને અંજામ આપવાના આરોપમાં ધરપકડ કરાઈ છે. મોસ્કોની એક કોર્ટે તેમને બે મહિનાની હિરાસતમાં મોકલી દીધા છે.

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

તેમની ઓળખ દાલેરદઝોન મિર્ઝોયેવ, સૈદાકરામી મુરોદલી માચાબલિઝોદા, શમ્સિદીન ફરિદુની અને મુહમ્મદાસોબિર ફૈજોવના રૂપમાં થઈ છે. અહેવાલો અનુસાર, તાજિક નાગરિક મિર્ઝોયેવે પોતાના પર લાગેલા બધા આરોપ સ્વીકારી લીધા છે. ચરમપંથી સંગઠન ઇસ્લામિક સ્ટેટ સમૂહનું કહેવું છે કે ક્રોકસ સિટી હોલમાં થયેલા હુમલા માટે એ જવાબદાર છે. સમૂહે હુમલાખોરોની હુમલા દરમિયાનની હિંસક તસવીરો શેર કરી છે. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે તેમની પાસે ઇસ્લામિક સ્ટેટના દાવાને ખારિજ કરવાનું કોઈ કારણ નથી. જોકે રશિયામાં આ હુમલા મામલે પ્રતિક્રિયાઓ અલગ છે. રશિયાના અધિકારી આ વિચારને સમર્થન આપી રહ્યા છે કે આ હુમલા પાછળ કોઈને કોઈ રીતે યુક્રેન છે. શનિવારે જારી કરેલા એક ટીવી સંદેશમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે ચાર હુમલાખોરોની યુક્રેનની તરફ ભાગતા ધરપકડ કરાઈ છે. પુતિને આરોપ મૂક્યો કે "આ હુમલાખોરો યુક્રેનમાં ઘૂસી શકે તે માટે એક રસ્તો તૈયાર કરવામાં આવ્યો હતો."

યુક્રેને આ બધા આરોપ ફગાવ્યા છે. જોકે તેમ છતાં રશિયાના અનેક વિશ્લેષકો અને ટિપ્પણીકારો આ હુમલાનો સંબંધ યુક્રેન સાથે જોડીને જુએ છે. સરકાર સમર્થિત અખબાર મોસ્કોવ્સ્કી કોમ્સોમોલેટ્સે યુક્રેન સામે એક આકરો સંપાદકીય લેખ લખ્યો છે. તેનું શીર્ષક છે- 'યુક્રેનને આતંકવાદી રાષ્ટ્ર જાહેર કરવું જોઈએ.' "કીએવની સત્તાને સમાપ્ત કરવાનો સમય આવી ગયો છે, એ આખી ગેંગનો ખાતમો થવો જ જોઈએ. રશિયા પાસે એવું કરવા માટે સંસાધન છે."

આ બાબતોથી એક મહત્ત્વનો સવાલ પેદા થયો છે. આ વિનાશકારી હુમલાની રશિયા શી પ્રતિક્રિયા આપશે? શું રશિયાનું નેતૃત્વ ક્રોકસ સિટી હોલની ઘટનાનો ઉપયોગ યુક્રેન યુદ્ધમાં પોતાની સંભવિત આક્રમકતાને યોગ્ય ઠેરવવા માટે કરી શકે છે?

રાષ્ટ્રપતિ આ વખતે ચૂંટણીમાં કેવી રીતે ચૂંટાયા તેની પર એક નજર નાખીએ રાષ્ટ્રપતિ ફરી વખત સત્તા પર આવ્યા તેની પ્રતિક્રિયા રૂપે આ હુમલો થયો હોવાની શક્યતા નકારી શકાતી નથી રાષ્ટ્રપતિની ચૂંટણી અંગે મહત્વની વિગતો નીચે મુજબ છે જેને આ આતંકી હુમલા સાથે સાંકળી લેવામાં આવી છે વ્લાદિમીર પુતિનનું પાંચમી વખત રાષ્ટ્રપતિ બનવું હંમેશાંથી નક્કી જ હતું. એમની સામે ત્રણ ઉમેદવાર હતા અને ત્રણેય ક્રેમલિન તરફથી જ ઊભા રખાયા હતા. પણ જ્યારે એમનો વિજય થયો અને કુલ ૮૭ ટકા મત મળ્યા ત્યારે તેમણે કહ્યું કે રશિયાનું લોકતંત્ર પશ્ચિમના કેટલાય દેશોનાં લોકતંત્ર કરતાં વધારે મજબૂત છે. જોકે, સત્ય એ છે કે આ ચૂંટણીમાં એક પણ ઉમેદવાર એવો નહોતો જેને વિશ્વસનીય કહી શકાય. આ ચૂંટણી દરમિયાન પુતિનના વિરોધી એલેક્સી નવેલનીના સમર્થકોએ પ્રતીકાત્મક રીતે વિરોધપ્રદર્શનો કર્યાં છે.

'નુન અગેન્સ્ટ પુતિન' અભિયાન અંતર્ગત રશિયાનાં મોસ્કો તથા પીટર્સબર્ગ સહિતનાં કેટલાંય શહેરો અને કેટલાંય રાષ્ટ્રોમાં રશિયન દુતાવાસો સામે લોકો એકઠા થયા અને વિરોધ નોંધાવતાં મતદાન કર્યું, જેને 'પ્રોટેસ્ટ વોટિંગ' કહેવાઈ રહ્યું છે. જોકે, આ પ્રદર્શનોની ચૂંટણી પર ના કોઈ અસર થવાની હતી કે કે ના કોઈ અસર થઈ. મોનિટરિંગ ગ્રુપ 'ઓડિવી-ઇન્ફો'એ કહ્યું છે કે રશિયામાં ઓછામાં ૮૦ લોકોની અટકાયત કરવામાં આવી છે. શુક્રવારે કેટલાંક પોલિંગ બૂથો પર હુમલાના સમાચાર પણ મળ્યા હતા. પશ્ચિમી દેશોએ રશિયાની ચૂંટણીની નિંદા કરતાં કહ્યું, "આ ચૂંટણી ન તો સ્વતંત્ર હતી કે ન તો નિષ્પક્ષ."

જર્મનીએ આ ચૂંટણીની સેન્સરશિપ, દમન અને હિંસા વચ્ચેની 'છદ્મ ચૂંટણી' ગણાવી છે. બ્રિટનના વિદેશમંત્રી ડેવિડ કેમરૂને રશિયાની ચૂંટણીની નિંદા કરતાં કહ્યું, "યુક્રેનના વિસ્તારોમાં ગેરકાયદે ચૂંટણીઓ કરાવાઈ છે." યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું, "રશિયાન સરમુખત્યાર વધુ એક ચૂંટણી કરાવી રહ્યા છે." નવેલનીના સાથી અને લિથુઆનિયામાં આશ્રય લેનારા નિયોનિડ વોલ્કોફે જણાવ્યું છે કે એક સપ્તાહ પહેલાં જ તેમના પર હથોડાથી ગંભીર હુમલો કરાયો છે. આ ચૂંટણી અંગે વાત કરતાં તેમણે જણાવ્યું, "પુતિનને જેટલા ટકા મત મળ્યા છે, એનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી." રશિયા પરનો આતંકી હુમલો પહેલી વખત થયો છે આ હુમલા એ અમેરિકા ક્વીન ટાવરની તબાહીની યાદ દુનિયાને ફરી વખત એકવાર આપી દીધી છે.

# ભારતના વિદેશી હૂંડિયામણ ભંડોળમાં અબજો ડોલરનો વધારો

નવીદિલ્હી,

વિદેશી હૂંડિયામણ ભંડોળમાં સતત ચોથા સપ્તાહમાં વધારો જોવા મળ્યો છે. ૧૫ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણ ૬.૩૯૬ બિલિયન ડોલર વધારા સાથે ૬૪૨.૪૯૨ બિલિયન ડોલર થઈ ગયું છે. ભારતીય રિઝર્વ બેંકે શુક્રવારે જણાવ્યું હતું કે એક સપ્તાહ અગાઉ દેશનો કુલ વિદેશી હૂંડિયામણ ભંડોળ ૧૦.૪૭ અબજ ડોલર વધીને ૬૩૬.૦૯૫ અબજ ડોલર થયો હતો. ઓક્ટોબર ૨૦૨૧માં દેશની વિદેશી હૂંડિયામણ ભંડોળ ૬૪૫ બિલિયન ડોલરની



સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું, પરંતુ વૈશ્વિક વિકાસના કારણે દબાણો વચ્ચે સેન્ટ્રલ બેંકે રૂપિયાના ઘટાડાને રોકવા માટે મૂડી અનામતનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે અનામતમાં થોડો ઘટાડો થયો હતો. રિઝર્વ બેંકના ડેટા અનુસાર, ૧૫ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં ફોરેન કરન્સી એસેટ ૬.૦૩૪ બિલિયન ડોલર વધીને ૫૬૮.૩૮૬ બિલિયન ડોલર થઈ ગઈ છે. ફોરેન એસેટ ડોલરમાં નામાંકિત થાય છે જેમાં વિદેશી હૂંડિયામણ અનામતમાં રાખવામાં આવેલી યુરો, પાઉન્ડ અને યેન જેવી બિન-યુએસ કરન્સીમાં ચલણની અસરનો સમાવેશ થાય છે.

રિઝર્વ બેંકે શું કહ્યું જે વિષે જણાવીએ, રિઝર્વ બેંકે કહ્યું કે સપ્તાહ દરમિયાન સોનાના ભંડોળનું મૂલ્ય ૪૨૫ મિલિયન ડોલરથી વધીને ૫૧.૧૪ બિલિયન ડોલર થયું છે. રિઝર્વ બેંકે કહ્યું કે સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (જીડીઆર) ૬૫ મિલિયન ડોલર વધીને ૧૮.૨૭૬ બિલિયન ડોલર થઈ ગયું છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) પાસે ભારતની અનામત થાપણો પણ સમીક્ષા હેઠળના સપ્તાહમાં ૧૨૯ મિલિયન ડોલર વધીને ૪.૬૮૯ બિલિયન ડોલર થઈ ગઈ છે. સતત ત્રીજા સપ્તાહે વિદેશી હૂંડિયામણ ભંડોળમાં વધારો જોવા મળ્યો હતો. આ ત્રણ સપ્તાહમાં વિદેશી હૂંડિયામણમાં ૨૦ અબજ ડોલરનો વધારો જોવા મળ્યો હતો.

# માત્ર ૧૫ કરોડ રૂપિયામાં બનેલી ફિલ્મે દુનિયાભરમાં ૨૦૦ કરોડનું કલેક્શન કર્યું

નવીદિલ્હી,

આ દિવસોમાં સાઉથની ફિલ્મો બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે. પરંતુ આ માટે સાઉથના આ નિર્માતાઓ અને દિગ્દર્શકો ખૂબ જ માપદંડ પગલાં લઈ રહ્યા છે. તે ઓછા બજેટની ફિલ્મો બનાવે છે. તેઓ મજબૂત વાર્તા રાખે છે અને કલાકારોને ભાડે રાખે છે, સ્ટાર્સ નહીં. આ ફોર્મ્યુલા મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રી દ્વારા પણ ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. અહીં અમે વાત કરી રહ્યા છીએ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ મંજુમ્મેલ બોયઝની. આ ફિલ્મ રિલીઝ થયા પછી તરત જ બોક્સ ઓફિસ પર આપત્તિજનક હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર તેની કિંમત કરતાં ૧૦ ગણી વધુ કમાણી કરી છે. તેની વાર્તા અને સ્ટાર્સના અભિનયની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

મંજુમ્મેલ બોયઝના બજેટની વાત કરીએ તો આઈએમડીબી અનુસાર તે માત્ર ૧૫ કરોડ રૂપિયા હતું. જ્યારે આ ફિલ્મે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ રીતે તે મલયાલમની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. રસપ્રદ વાત એ છે કે આ ફિલ્મ રિલીઝ થયાને એક મહિનો પણ નથી થયો. વાસ્તવિક જીવનની વાર્તા પર આધારિત, ૨૦૦૬ની ફિલ્મ કોચી નજીકના નાના શહેર મંજુમ્મેલના મિત્રોના જૂથની આસપાસ ફરે છે જેઓ કોડાઈકેનાલમાં રજાઓ ગાળવા જાય છે.

મલયાલમ સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એકનું બિરુદ મેળવતા, 'મંજુમ્મેલ બોયઝ' એ જુડ એન્થોની જોસેફની '૨૦૧૮' ના અગાઉના રેકોર્ડને વટાવી દીધો, જેણે ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. રસપ્રદ વાત એ છે કે હિન્દી ભાષી દર્શકો પણ આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# મેં ઓફર ઠુકરાવી પછી ધોનીને અપાઈ ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ : સચિન



નવીદિલ્હી,

વર્ષ ૨૦૦૭માં જ્યારે મહેન્દ્ર સિંહ ધોનીને ટી -૨૦ વર્લ્ડ કપ માટે કેપ્ટન બનાવવામાં આવ્યો હતો ત્યારે અનેક સવાલ ઉઠ્યા હતા. કહેવામાં આવ્યું હતું કે, આખરે યુવરાજ અને વીરેન્દ્ર સહેવાગના રહેતા કેપ્ટનશીપ ધોનીને કેમ અપાઈ? આ મુદ્દે હવે ક્રિકેટના 'ભગવાન' સચિન તેંડુલકરે ખુલાસો કર્યો છે. સચિને જણાવ્યું કે, તેમણે જ બીસીસીઆઈને કહ્યું હતું કે, ધોનીને વ્હાઈટ બોલ ક્રિકેટની કેપ્ટનશીપ સોંપી દેવી જોઈએ. ત્યારબાદ ધોનીની કેપ્ટનશીપમાં ભારતે ૨૦૦૭ ટી -૨૦ વર્લ્ડ કપમાં જીત મેળવી હતી.

સચિને જણાવ્યું કે, તત્કાલીન બીસીસીઆઈ અધ્યક્ષ શરદ પવારે તેમને ટીમની કેપ્ટનશીપ કરવા માટે કહ્યું હતું. ત્યારબાદ સચિને શરદ પવારને પોતાની ફિટનેસનો હવાલો આપ્યો હતો. સચિને જણાવ્યું કે તે ફિટનેસની સમસ્યાથી ઝઝૂમી રહ્યો છે.

# ચેપોકમાં કોહલીના નામે 'વિરાટ' રેકોર્ડ, કોહલીએ ટી-૨૦ ફોર્મેટમાં ૧૨૦૦૦ રન પૂરા કર્યા



ચેન્નાઇ

વિરાટ કોહલીએ ૨ મહિનાથી વધુ સમય બાદ ક્રિકેટના મેદાનમાં પર કમબેક કરતા પોતાની પહેલી જ મેચમાં કમાલ કરી દીધો. તેમણે ટીર૦ ક્રિકેટમાં પોતાના નામે એક મોટો રેકોર્ડ બનાવી દીધો.આઈપીએલ ૨૦૨૪ની પહેલી મેચ જે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ તેમાં કોહલીએ ૬ રન બનાવતા જ પોતાના નામે ટીર૦ નો મોટો રેકોર્ડ બનાવ્યો. આજ સુધી કોઈ પણ ભારતીય ખેલાડી આ મુકામ સુધી પહોંચ્યો નથી. કોહલીએ ટીર૦ ફોર્મેટમાં ૧૨૦૦૦ રન પૂરા કર્યા.

વિરાટ કોહલીએ આ મેચમાં ૬ રન સાથે જ ટીર૦ માં પોતાના ૧૨૦૦૦ રન પૂરા કરી લીધા છે. આ મુકામ સુધી પહોંચનાર તે પહેલા ભારતીય ક્રિકેટર છે. આ અગાઉ આવું કોઈ પણ ભારતીય ક્રિકેટર કરી શક્યા નથી. કોહલીએ આ મુકામ સુધી પહોંચવા માટે ૩૬૦ ઈનિંગ ખેલી. આ સાથે જ તે ઝડપથી ૧૨૦૦૦ રન પૂરા કરનાર બીજા બેટર બન્યા છે. તેમની આગળ ક્રિસ ગેઈલ છે. જેણે આ કમાલ ૩૪૫ ઈનિંગમાં કર્યો છે.

જો કે આ મેચમાં મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળતા મળી છે. વિરાટ કોહલી ૨૧ રન કરીને પેવેલિયન ભેગા થયા.

**ટીર૦માં સૌથી વધુ રન કરનાર ભારતીય**
**વિરાટ કોહલી- ૧૨૦૧૫ રન**
**રોહિત શર્મા- ૧૧૧૫૬ રન**
**શિખર ધવન- ૯૪૬૫ રન**
**સુરેશ રૈના- ૮૬૫૪ રન**
**કે એલ રાહુલ- ૭૦૬૬ રન**

વિરાટ કોહલી આ રેકોર્ડ સાથે ક્રિસ ગેઈલ, કાયરન પોલાર્ડ, અને ડેવિડ વોર્નર જેવા દિગ્ગજોની ક્લબમાં સામેલ થયા છે. જે ટી ૨૦ ફોર્મેટમાં ૧૨૦૦૦ કે તેનાથી વધુ રનનો આંકડો સ્પર્શવામાં સફળ રહ્યા છે.

# ચેન્નઈ સામે ગુજરાત ટાઈટન્સ ઢેર

## શિવમ દુબે-રચિનની વિસ્ફોટક ઈનિંગ્સ : મેચમાં CSK ત્રણેય ડિપાર્ટમેન્ટમાં શાનદાર રહ્યું

મુંબઇ,

ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)-2024માં સતત બીજી જીત હાંસલ કરી છે. ટીમે સોમવારે વર્તમાન સિઝનની સાતમી મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT)ને ૬૩ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે CSK ૪ પોઈન્ટ્સ સાથે પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર આવી ગઈ છે. ચેન્નઈએ આ મેદાન પર સિઝનના ઓપનરમાં RCBને હરાવ્યું હતું.

ચેપોક સ્ટેડિયમ ખાતે ૨૦૭ રનના ટાર્ગેટને ચેઝ કરતા ગુજરાત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૩ રન જ બનાવી શક્યું હતું. આ પહેલાં પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. રચિન રવીન્દ્ર (૨૦ બોલમાં ૪૬ રન) અને શિવમ દુબે (૨૩ બોલમાં ૫૧ રન)એ વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી, જ્યારે કેપ્ટન ઋતુરાજ ગવકવાડે ૩૬ બોલમાં ૪૬ રનનું યોગદાન આપ્યું હતું. રાશિદ ખાને બે વિકેટ ઝડપી હતી. ગુજરાત તરફથી સાઈ સુદર્શને સૌથી વધુ ૩૭ રન બનાવ્યા હતા. રિદ્ધિમાન સાહા અને ડેવિડ મિલરે ૨૧-૨૧ રન બનાવ્યા હતા. બાકીના બેટર્સ કંઈ ખાસ કરી શક્યા ન હતા. ચેન્નઈ તરફથી દીપક ચહર, મુસ્તફિઝુર રહેમાન અને તુષાર દેશપાંડેએ ૨-૨ વિકેટ લીધી હતી.

# બીસીસીઆઇએ હર્ષિત રાણાને તેના ખરાબ વર્તનને કારણે દંડ ફટકાર્યો

કોલકતા,

હર્ષિત રાણા ભલે શનિવારે રાત્રે કોલકાતા નાઈટ રાઈડર્સ માટે જીતનો હીરો બની ગયો હોય, પરંતુ તેના ખરાબ વર્તનને કારણે BCCIએ તેને દંડ ફટકાર્યો છે.હર્ષિત રાણાએ સનરાઈઝર્સ હૈદરાબાદના ઓપનર મયંક અગ્રવાલને 'ફ્લાઈંગ કિસ' આપી હતી. મયંક તેની ક્રિયાથી ખૂબ જ ગુસ્સામાં દેખાતો હતો. એક તરફ પ્રશંસકો હર્ષિતની બોલિંગના વખાણ કરી રહ્યા હતા, તો બીજી તરફ તેઓ તેને સિનિયર ખેલાડીઓનું સન્માન કરવાનું જ્ઞાન પણ આપી રહ્યા હતા. હવે બીસીસીઆઈએ તેના પગલા સામે કાર્યવાહી કરી છે અને હર્ષિતને મેચ ફીનો દંડ ફટકાર્યો છે. 'કોલકાતા નાઈટ રાઈડર્સના બોલર હર્ષિત રાણા પર માર્ચના રોજ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે તેની ટીમની ટાટા ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની મેચ દરમિયાન આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.






# ટાઈગર શ્રોફની ૧૫૦ કરોડની ફિલ્મ ફરી અટકી : ૭ વર્ષ પહેલા જાહેરાત થઈ હતી

મુંબઇ,

હાલના દિવસોમાં ટાઈગર શ્રોફ અક્ષય કુમાર સાથેની તેની આગામી ફિલ્મ બડે મિયાં છોટે મિયાંની રિલીઝની રાહ જોઈ રહ્યો છે. ૧૦મી એપ્રિલે ઈદના અવસર પર આવી રહેલી ટાઈગરની આ એક્શન થ્રિલર તેના કરિયર માટે ખૂબ જ મહત્વપૂર્ણ ફિલ્મ માનવામાં આવે છે. ટાઈગરની છેલ્લી બે ફિલ્મો હીરોપંતી ૨ અને ગણપત ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. આવી સ્થિતિમાં, બડે મિયાં છોટે મિયાંની સફળતા ટાઈગર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સફળતા એટલા માટે પણ મહત્વની છે કારણ કે ટાઈગરના રેમ્બોનું ભાગ્ય હવે તેની સાથે જોડાયેલું છે. આવો તમને જણાવીએ કે શું છે સમગ્ર મામલો.

બોલિવૂડમાં સિલ્વેસ્ટર સ્ટેલોનની ફિલ્મ રેમ્બોની હિન્દી રિમેકની જાહેરાત ૨૦૧૭માં જ કરવામાં આવી હતી. સિદ્ધાર્થ આનંદના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મનું નિર્દેશન રોહિત ધવન કરવાના હતા અને ટાઈગર શ્રોફ મુખ્ય ભૂમિકામાં હતા. જોકે, સિદ્ધાર્થ આનંદ યુદ્ધ અને પઠાણ જેવી ફિલ્મોમાં વ્યસ્ત હોવાને કારણે રેમ્બો પર કામ અટકી ગયું હતું. બાદમાં કોરોનાને કારણે ફિલ્મ ફરી અટકી ગઈ. જાન્યુઆરી ૨૦૨૪માં સિદ્ધાર્થ આનંદે કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં જ ફિલ્મ અંગે અપડેટ આપશે. તેના પર કામ એપ્રિલમાં શરૂ થવાનું હતું, પરંતુ હવે ફિલ્મ ફરીથી બેક બર્નર પર હોય તેવું લાગી રહ્યું છે.

રેમ્બોનું નિર્માણ સિદ્ધાર્થ આનંદના માર્ફ્લિક્સ અને જિયો સ્ટુડિયો દ્વારા કરવામાં આવી રહ્યું છે. પરંતુ મેકર્સે તેને હાલ પૂરતું અટકાવી દીધું છે. બોક્સ ઓફિસ વર્લ્ડવાઈડના રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે ટાઈગરની હીરોપંતી અને ગણપતની કિસ્મત જોયા બાદ મેકર્સ હાલમાં આ ફિલ્મ પર કામ કરી રહ્યા નથી. આ ફિલ્મ ફરી મોકૂફ રાખવામાં આવી છે. રેમ્બોનું બજેટ લગભગ ૧૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

# લગ્નના નામે હત્યાના આરોપીએ કોર્ટમાં ૪૫ દિવસની રજા માંગી : જો કે ૧ ફોટાએ બદલી નાખ્યો ખેલ!

મુંબઇ,

આરોપીએ કોર્ટમાં લગ્નનું બહાનું બતાવીને ૪૫ દિવસની જેલમાંથી રજા માંગી હતી. જો કે તેનો પ્લાન ફ્લોપ થયો જ્યારે તેની પત્ની સાથેનો તેનો ફોટો કોર્ટ સામે આવ્યો. આરોપીએ આઠ વર્ષ પહેલા જ યુવતી સાથે લગ્ન કરી લીધા હતા, જે લગ્નના નામે તે જામીન માગી રહ્યો હતો.

૩૦ વર્ષીય અનિકેત જાધવ અને તેના સહયોગીઓ ઓમકાર ચવ્હાણ (૩૦)ના અપહરણ અને હત્યામાં સામેલ હતા. આરોપ એવો હતો કે ચવ્હાણે તેના મિત્ર અને સહઆરોપીની બહેનને કથિત રીતે હેરાન કર્યા હતા જેનો બદલો લેવા ચવ્હાણનું અપહરણ કરીને તેની હત્યા કરી હતી. એ પછી મૃતકની સોનાની વીંટી અને મોબાઈલ પોતાની સાથે લઈ ગયા. મૃતદેહનો ભુઇંજ સ્મશાનગૃહમાં અગ્નિસંસ્કાર કરીને તેની રાખ કૃષ્ણા નદીમાં વહાવી દીધી જેથી કોઈ પુરાવા ન રહે.

પોલીસે કેસ નોંધી ડૉક્ટર સહિત અન્ય પ્રત્યક્ષદર્શીઓના નિવેદનના આધારે ધરપકડ કરીને આરોપો ઘડ્યા. પોલીસે આરોપીઓના મોબાઈલ ટાવર લોકેશન અને તેમના કોલ ડેટા રેકોર્ડ જેવા પુરાવા પણ એકત્રિત કર્યા હતા. જેમાં આરોપીઓ ઘટના પહેલા અને પછી સતત એકબીજાના સંપર્કમાં હોવાનું બહાર આવ્યું હતું.

જાધવ તરફથી હાજર રહેલા એડવોકેટ ચૈતન્ય પેંડસેએ જણાવ્યું હતું કે તેના લગ્ન એક છોકરી સાથે નક્કી કરવામાં આવ્યા છે. તેઓ સ્કૂલના સમયથી એકબીજાને ઓળખે અને છેલ્લા આઠ વર્ષથી બંને રિલેશનશિપમાં છે. પેંડસેએ જણાવ્યું હતું કે, તેમના લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી આ દરમિયાન આરોપી જાધવની ધરપકડ થતા લગ્ન મોકૂફ રહ્યા હતા.

# અંકિતાની ફિલ્મ 'વીર સાવરકર' માટે સાસુમાએ પુત્રવધૂના ખૂબ વખાણ કર્યા



મુંબઇ,

ટીવી એક્ટ્રેસ અંકિતા લોખંડે અને તેના બોયફ્રેન્ડ વિકી જૈને 'બિગ બોસ ૧૭'માં ઘણી ચર્ચા બનાવી હતી. જો કે આ સિઝનમાં વિકીની માતા એટલે કે અંકિતાની સાસુ રંજના જૈનને પણ ઘણી લોકપ્રિયતા મળી હતી. શોના એક ખાસ એપિસોડમાં, રંજના જૈન બિગ બોસના ઘરમાં ગઈ હતી જ્યાંથી બહાર આવ્યા બાદ તેણે નેશનલ ટીવી પર પુત્રવધૂ અંકિતા પર કેટલીક તીક્ષ્ણ ટિપ્પણીઓ કરી હતી.

આ નિવેદનોથી અભિનેત્રીની સાસુ સમાચારમાં રહી હતી. હાલમાં જ એક વીડિયો સામે આવ્યો છે જેમાં રંજના જૈન તેની વહુના ખૂબ વખાણ કરતી જોવા મળી રહી છે. પુત્રવધૂ પ્રત્યેનો તેમનો મૂડ ઘણો બદલાયેલો જણાય છે.

ખરેખર અંકિતા લોખંડેને 'બિગ બોસ ૧૭'માંથી બહાર નીકળતાં જ રણદીપ હુડ્ડા સાથે મોટી ફિલ્મમાં કામ કરવાની તક મળી ગઈ છે. તે 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મમાં તે યમુનાબાઈ સાવરકરની ભૂમિકામાં છે. હાલમાં જ મુંબઈમાં ફિલ્મનો પ્રીમિયર યોજાયો હતો, જ્યાં અંકિતા તેના પરિવાર સાથે પહોંચી હતી.

'બિગ બોસ ૧૭'ના સહ સ્પર્ધકો અભિષેક અને ખાનઝાદી પણ તેની સાથે જોવા મળ્યા હતા. આ સમય દરમિયાન અંકિતાની સાસુ રંજના જૈન પણ જોવા મળી હતી, જ્યાં તેમની વહુને લગતા તેમના શબ્દો બદલાતા જોવા મળ્યા હતા.ખરેખર એક વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. જેમાં રંજના જૈન ફિલ્મના પ્રીમિયર માટે થિયેટરમાં જતી જોવા મળે છે. આ દરમિયાન પાપારાઝી તેને પૂછે છે કે તેને અંકિતાનો અભિનય કેવો લાગ્યો. આના પર રંજના જૈન હસતાં હસતાં તેની વહુના વખાણ કરે છે અને કહે છે.

# જામનગર ફેક્ટરી ઓનર્સ તથા એક્ઝીમ મેટલ મર્ચન્ટ એસો. દ્વારા સાંસદ પુનમબેન માડમનો સન્માન સમારંભ યોજાયો






જામનગર : જામનગરના બ્રાસઉધોગના પર્યાવરણના પ્રશ્નના કાયમી ઉકેલ, સાંસદ તરીકે યશસ્વી ૧૦ વર્ષના કાર્યકાળની સમાપ્તી તથા સતત ત્રીજી ટર્મ માટે પસંદગીના આ ત્રિવેણી સંગમ સમા પ્રસંગે જામનગરના બ્રાસઉધોગ માટે પર્યાવરણ વિભાગના નવા નાટીફીકેશનના કારણે ઉભી થયેલ મુશ્કેલરૂપ પરિસ્થિતીને સાંસદ પુનમબેન માડમના સતત પ્રયત્નાથી આ પ્રશ્નનો સુખદ ઉકેલ આવેલ અને માત્ર જામનગરના બ્રાસઉદ્યાગને જ નહી પરંતુ સમગ્ર દેશની રીસાઈકલીંગ ઈન્ડસ્ટ્રીઝને રાહત મળી છે તે સમયે જામનગર ફેકટરી ઓનર્સ એસસીએશન તથા એકઝીમ મેટલ મર્ચન્ટ એસોસીએશનના સંયુકત ઉપક્રમે ગત તા. ૧૧-૦૩-૨૦૨૪ ને સોમવારના રોજ સુમેર સ્પોર્ટસ કલબ, જામનગર ખાતે જામનગર તથા દેવભૂમિ દવારકાના સાંસદ પુનમબેન માડમનું અભિવાદન કરવા માટે સન્માન સમારંભનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પુનમબેન માડમ, જામનગર ચેમ્બર ઓફ કામર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જી.આઈ.ડી.સી. પ્લાટ/શેડ હાલ્ડર્સ એસોસીએશન, જામનગર બ્રાસ ફાઉન્ડ્રી એસાસીએશન, જામનગર હાર્ડવેર મેન્યુફેકચરર્સ એસાસીએશન, જામનગર ઈલેકટ્રાપ્લેટર્સ એસસીએશન, એમ.પી.શાહ મ્યુનિ. ઉદ્યાગનગર એસાસીએશન, પટેલ કાલાની ઈન્ડસ્ટ્રીયલ એસસીએશન, નાના ઉદ્યાગ સહકારી વસાહત, હાપા ઉદ્યાગનગર સંઘ વિગેરે સંસ્થાના પ્રમુખ, હોદેદારો, કારેબારી સમિતિના સભ્યશ્રી, તથા ઉદ્યાગકારમીત્રા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

સમારંભની શરૂઆતમાં જામનગર ફેકટરી ઓનર્સ એસેસીએશનના પ્રમુખ લાખાભાઈ કેશવાલાના સ્વાગત પ્રવચન બાદ પ્રમુખ લાખાભાઈ કેશવાલા, જામનગર ચેમ્બર ઓફ કામર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ઉપપ્રમુખ રમણિકભાઈ અકબરી, એકઝીમ મેટલ મર્ચન્ટ એસોસીએશન જામનગરના પ્રમુખ ધરમભાઈ જોશી, જી.આઈ.ડી.સી. પ્લાટ/શેડ હાલ્ડર્સ એસોસીએશનના પ્રમુખ દિનેશભાઈ ડાંગરીયા, સંસ્થાના કારેબારી સભ્ય જીનેશભાઈ શાહ તથા અન્ય સંસ્થા દવારા સાંસદ માનનીયશ્રી પુનમબેન માડમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ હતું તથા આ કાર્યક્રમના શુભેચ્છા મિલનભાઈ દેઢીયા, (રાજહંસ મેટલ્સ પ્રા. લી.) મેહુલભાઈ જોબનપુત્રા (જલારામ મેટલ એલેયઝ) અશાકભાઈ જાબનપુત્રા (શ્રી ભવાની એકસ્ટ્રઝન) કપીલભાઈ જેબનપુત્રા (જય જલારામ એકસ્ટ્રઝન) રમણિકભાઈ બુસા, હિતેશભાઈ મહેતા (સેનોર મેટલ્સ પ્રા. લી.) વસંતભાઈ કટારીયા (હાઈટેક એકસ્ટ્રઝન એલએલપી) રાજુભાઈ ગાગીયા (જય દવારીકાદીશ એકસ્ટ્રઝન) ધરમભાઈ જેશી (મેસ્કોટ મેટલ ટ્રેડર્સ) તથા કૈયુરભાઈ ખટટર (વિનસ બ્રાસાટેક) દવારા પુનમબેન માડમને મીમેન્ટે અર્પણ કરવામાં આવેલ હતા. એસાસીએશનના પ્રમુખ લાખાભાઈ કેશવાલાએ તેમના ઉદબાધનમાં જામનગરના રોજગારલક્ષી બ્રાસઉદ્યાગના વિકાસને અસરકર્તા ઘણા પ્રશ્નના સાંસદ પુનમબેન માડમે સાનુકુળ ઉકેલ લાવી બ્રાસઉદ્યાગને મોટી રાહત આપેલ છે જેના માટે બ્રાસઉદ્યાગ સદાય તેને ઋણી રહેશે તેવું જણાવી, આગામી લોકસભાની ચુટણીમાં સતત ત્રીજી ટર્મ માટે પસંદગી પામેલ હોય તે પ્રચંડ બહુમતીથી જીતી અને કેન્દ્રીય મંત્રીમંડળમાં કેબીનેટ કક્ષાએ સ્થાન મેળવે તેવી લાગણી વ્યકત કરેલી જેને ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. ત્યારબાદ એકઝીમ મેટલ મર્ચન્ટ એસાસીએશન જામનગરના પ્રમુખ ધરમભાઈ જોશીએ આપેલા વકતવ્યમાં પુનમબેન માડમ દવારા કરાયેલા પ્રયાસો તથા કાર્યો અને ભૂતકાળ તથા વર્તમાન સમયમાં જામનગરના નગરજના તથા ઉદ્યાગકારમીત્રાને આપવામાં આવેલ સહયાગ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી હતી. સંસ્થાના કારેબારી સભ્ય તથા અગ્રગણ્ય ઉદ્યાગકાર જીનેશભાઈ શાહ તથા અન્ય વકતાઓએ તેમના વકતવ્યમાં છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન ભ્રાસઉદ્યાગ સમક્ષ ઉપસ્થિત થયેલા પ્રશ્ના તથા તેના નિકાલ માટેસાંસદે કરેલ કામગીરીના ઉલ્લેખ કરેલ જેમાં ખાસ કરીને ૪% સ્પેશીયલ એડીશ્નલ ડ્યુટીની નાબુદી, બ્રાસ ઉપરની ઈમ્પાર્ટ ડ્યુટી ૫% માંથી ઘટાડી ૨.૫% કરાવી, ટી.સી.એસ. બાબતની મુશ્કેલી, મુંન્દ્રા ખાતે કલીયરન્સની સમસ્યા તથા એકઝામીનેશન પર થતી મુશ્કેલી, કેરેના કાળ વખતે ઉભા થયેલા શીપીંગ કંપનીના પ્રશ્નો તથા તે સમયે ઉદ્યાગોને ઈ.સી.જી.એલ.ના માધ્યમથી નાણામંત્રાલય તરફથી વધારાની કેડીટ તથા શાર્કીંગ દરમ્યાન નિકળતા ફેરસ મટીરીયલ પરની ડ્યુટી બાબતના પ્રશ્નો તથા છેલ્લે પર્યાવરણને લગતા પ્રશ્નાના જે સાનુકુળ ઉકેલ લવાયેલ તેને બિરદાવવામાં આવેલ અને તેનાથી જામનગરની બ્રાસ ઈન્ડસ્ટ્રીઝને કામ કરવામાં મળેલ સરળતા બદલ આભાર તથા સંતાષ વ્યકત કરવામાં આવેલ હતા. સાંસદ માનનીયશ્રી પુનમબેન માડમે તેમના પ્રત્યુતરમાં જામનગરના બ્રાસઉદ્યાગ કે જે પોતાના કાર્યક્ષેત્રમાં આવે છે તે બહુ ખુશીની વાત છે તેમ જણાવી આ ઉદ્યોગના દરેક પ્રશ્નાના ઉકેલમાં મળેલ સફળતાના પાયામાં ભારત સરકારની ઈઝી ડુગ બિઝનેશ પાલીસી તથા સ્થાનિક ઉદ્યાગાને વૈશ્વિક ફલક પર હરીફાઈમાં ઉભા રાખવા માટે સક્ષમ કરવાની નેમ તથા તેની માટેની સરકારીની નિતી, તથા બ્રાસના ઉદ્યાગકારો તરફથી મળતી રજુઆત તથા સરકારની નિતી સાથે સહયાગમાં રહી આગળ વધવાની ઈચ્છાને કારણે આ સફળતા શકય બનેલ છે તેમ જણાવી હવે જયારે પાર્ટીએ ત્રીજી ટર્મ માટે પસંદગી કરેલ છે ત્યારે આ દશ વર્ષના અનુભવા તથા ઉદ્યાગ જગતના સહકારથી હજુ વધુ સારી કામગીરી કરી શકશે તેવા વિશ્વાસ વ્યકત કરી ભવિષ્યમાં પણ જામનગરના બ્રાસ ઉદ્યાગના કોઈપણ પ્રશ્નાના સાનુકુળ ઉકેલ લાવવા માટે કટીબધ્ધતા દર્શાવી બ્રાસઉદ્યાગના સતત વિકાસ પામે તે માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેવા ખાતરી આપી અને તેમના દશ વર્ષના કાર્યકાળ દરમ્યાન ભ્રાસઉદ્યાગકારે તરફથી મળેલ સહકાર મદલ આભારની લાગણી વ્યકત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લલીત જોશીએ કરેલ જયારે આભાર વિધિ એકઝીમ મેટલ મર્ચન્ટ એસાસીએશનના સભ્ય કૈયુર ખટટરે કરી હતી.

# લાલપુર તાલુકામાં આશા બહેનો માટે આશા સંમેલન યોજાયું




જામનગર : લાલપુર તાલુકામાં તાલુકા આરોગ્ય કચેરી દ્વારા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયાના માર્ગદશન હેઠળ લાલપુર તાલુકા આરોગ્ય અધિકારી ડો. પી.ડી.પરમારના અધ્યક્ષસ્થાને આશા બહેનો માટે આશા સંમેલનનું આયોજન કરાયું હતું. તાલુકા આરોગ્ય અધિકારીએ ઉપસ્થિત સર્વેને આશા અને આશા ફેસીલીટર બહેનીની કામગીરીની અગત્યતા વિષે માહિતી આપી હતી અને તેમની કામ પ્રત્યેની ફરજનિષ્ઠાને વખાણી ભવિષ્યમાં પણ આવી જ રીતે કામ કરવા માટે પ્રેરિત કર્યા હતા. તેમજ લાલપુર તાલુકામાં જન્મ મૃત્યુ દર, બાળ આરોગ્ય અને માતા આરોગ્યની સુચારુ કામગીરી માટે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અને આયોજન બદલ લાલપુર તાલુકા આરોગ્ય કચેરી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન એન.આર.પરમાર એમ. પી.અ ેસ. હરીપર દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમના અંતે આભારવિધિ નઝમાબેન કંઠીયા ટી.એચ.વી. લાલપુર દ્વારા કરવામાં આવી હતી. સંમેલનમાં ડી.પી.સી. યજ્ઞેશ ખારેચા, વિરલ કામદાર, લાલપુર તાલુકા શિક્ષણ અધિકારી, તાલુકાના આરોગ્ય અધિકારીઓ, સુપરવાઈઝરઓ તેમજ સમગ્ર લાલપુર તાલુકા આરોગ્ય કચેરીના સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. તેમ તાલુકા આરોગ્ય અધિકારી ડો.પી.ડી.પરમાર, લાલપુરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બેટ દ્વારકાની બોટને પાકિસ્તાની ચાંચિયાએ ટક્કર મારતા એક ખલાસી ડૂબી ગયો : પાંચના અપહરણ


તસવીર : બુધાભા ભાટી

-દ્વારકા : બેટ દ્વારકાની 'અલ-હુસૈની' નજામની બોટને દરિયામાં પાકિસ્તાની મરીન સિકયુરીટીએ ટક્કર મારતા ભારતીય બોટ ડૂબી ગયેલ હતી જેમાં સવાર ૨ ખલાસી દરિયામાં ડૂબી ગયા છે, એટલું જ નહીં જ્યારે ૫ માછીમારોને પાકિસ્તાની ચાંચિયા ઉઠાવી ગયા હોવાનું પણ કહેવાય છે. અલ-હુસૈની નામની બોટ માછીમારી માટે ઓખાથી દરિયામાં ગઈ હતી ત્યારે આ ઘટના ઘટી છે, જેમાં દરિયામાં ડૂબી ગયેલ એક ખલાસીનો મૃતદેહ મળી આવ્યો છે અને બીજા ખલાસીની શોધખોળ ચાલુ છે.

# શ્રી માતાજીના ૨૯ માર્ચે પોંડીચેરીમાં પ્રથમ આગમન દિન પ્રસંગે કાર્યક્રમ

જામનગર : તા. ૨૯-૦૩-૨૦૨૪ ને શુક્રવારના રોજ શ્રી માતાજીના પોંડીચેરીમાં પ્રથમ આગમન દિન (૨૯-૦૩-૧૯૧૪) પ્રસંગે શ્રી અરવિન્દ સોસાયટી જામનગર શાખા દ્વારા, શરુ સેકશન રોડ, જી.એમ.બી. બિલ્ડીંગ પાસે, સાવિત્રી ભુવનમાં સવારે ૧૦ થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન અને સાંજે ૦૭.૦૦ થી ૦૮.૦૦ વાગ્યા દરમ્યાન ધ્યાન, પ્રાર્થના અને પ્રસંગને અનુરૂપ વાંચનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમોમાં સર્વે સાધકો ઉપરાંત જામનગરના અધ્યાત્મપ્રેમી ભાઈ બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

# ઓશવાળ વેલફેર ચેરી. ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ

જામનગર : કેન્સર કેર કાઉન્સીલ અને ઓશવાળ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પ તથા નેત્રદિપ મેકસીવીઝનના સહયોગથી આંખની તપાસ કરી નંબર કાઢી આપવાનો કેમ્પ તારીખ : ૨૯/૦૩/૨૦૨૪, શુક્રવાર, સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી, ઓશવાળ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ જુની જેલ સામે, જામનગર ખાતે આયોજન કરેલ છે.

આ કેમ્પમાં આંખ ચેકઅપ, જનરલ ચેકઅપ, ડેન્ટલ ચેક અપ, ડાયાબીટીસ, હાડકાની ઘનતા માપવા, હિમોગ્લોબીન ચેકઅપ, ડાયાબીટીસ તથા બી.પી. ચેકઅપ, પ્લસ ચેક અપ કરવામાં આવશે. તેમજ આંખનું ચેકઅપ કરી નંબર કાઠી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા કેન્સર કેર કાઉન્સીલ જામનગરના પ્રમુખ વિઠલભાઈ ધોળકીયા દ્વારા જામનગરની જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

# શહેરના હરસિધ્ધી માતાજીનો આવતીકાલે પ્રાક્ટય મહોત્સવ

જામનગર : આગામી તા. ૨૮ માર્ચ અને ગુરૂવારે જામનગરના રણજીતનગર સ્થિત શ્રી હરસિદ્ધિ માતાજીના મંદિરમાં માતાજીનો પ્રાકટ્ય મહોત્સવ ઉજવવામાં આવશે. જેમાં સવારે ૯ વાગ્યે હવન થશે અને બપોરે બે વાગ્યે બીડુ હોમવામાં આવશે. સાંજે ૫ થી ૧૦, અન્નકુટ દર્શન થશે. સાંજે ૭-૩૦ કલાકે મહા આરતીનું આયોજન થયું છે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા લોકોને મંદિરના મહંત શ્રી રમેશભાઈ નિમાવતે જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

# જામજોધપુરમાં મારામારીના કેસમાં સંડોવાયેલા આરોપીને ઝડપી લેવાયો

જામનગર : જામજોધપુરના મારામારીના એક ગુન્હામાં સંડોવાયા પછી નાસી ગયેલા શખ્સને પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા તેને પોરબંદર માંથી ઝડપી લીધો છે.

જામજોધપુરના પોલીસ મથકમાં ગયા વર્ષે મારામારીના નોંધાયેલા એક ગુન્હામાં પોરબંદરના ઈન્દિરાનગરમાં રહેતા દીપક અજીતદાન ગઢવીનું નામ ખૂલ્યું હતું. ત્યારથી આ શખ્સ નાસી ગયો હતો. તેની બાતમી મળતા જામનગરની પેરોલ ફર્લો સ્કવોડ પોરબંદર દોડી ગઈ હતી. ત્યાંથી આ શખ્સની અટકાયત કરી લેવામાં આવી છે.

# હાપાના જલારામ મંદિરે નેત્ર નિદાન કેમ્પ

જામનગર : રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ-રાજકોટ દ્વારા નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ તા.૨૯-૩ ને શુક્રવારે સવારે ૯ થી ૧૧ વાગ્યા દરમિયાન પ્રભુદાસ ખીમજી કોટેચા હોલ, જલારામ મંદિર, હાપામાં યોજવામાં આવ્યો છે. મોતિયાના ઓપરેશન માટે દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ-રાજકોટ મોકલવામાં આવશે. જ્યાં દર્દીઓને આવવા-જવા, રહેવા જમવા સહિતની વ્યવસ્થા નિ:શુલ્ક પૂરી પાડવામાં આવશે. વધુ વિગત માટે રમેશભાઈ દત્તાણી (પ્રમુખ, જલારામ સેવા ટ્રસ્ટ), ભાવેશ દત્તાણી (મો. ૯૪૨૭૨ ૭૫૮૮૮) અથવા અલ્પાબેન વસોયા મો.૯૪૦૮૧ ૬૨૧૬૨ નો સંપર્ક કરવો.

# જામનગર જિલ્લા તિજોરી કચેરી દ્વારા પેન્શનરો માટે મહત્વપૂર્ણ કરાઈ જાહેરાત

જામનગર : જામનગર જિલ્લા તિજોરી કચેરી ખાતેથી પેન્શન મેળવતા જામનગર જિલ્લાના પેન્શનરોએ આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આવકવેરા કાયદા હેઠળ NEW REGIME/ OLD REGIME નો વિકલ્પ પસંદ કરવા અંગેની અરજી આગામી તારીખ ૧/૫/૨૦૨૪ સુધીમાં કરવાની રહેશે. તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે જે પેન્શનરોની પેન્શનની આવક રૂ.૫,૫૦,૦૦૦ થી વધુ થતી હોય, તો તેમણે પોતાના સંભવિત રોકાણોની વિગતોનું નિયત ફોર્મ અને પાનકાર્ડની નકલ સાથે આગામી તારીખ ૩૧/૧૨/૨૦૨૪ (ડિસેમ્બર-૨૦૨૪ અંતિત) સુધીમાં પેન્શન શાખા, જિલ્લા તિજોરી કચેરી, જામનગર ખાતે અચૂક રજૂ કરવાનું રહેશે. તેમ જિલ્લા તિજોરી અધિકારી વી.સી.ગઢવી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમા ચેક પરત કેસમાં આરોપીને છ માસની સજાનો હુકમ

જામનગર : જામનગરના બ્રસપાર્ટના વેપારીને. રૂ.એક લાખની રકમનો ચેક પરત ફરવાના કેસમા છ માસની સજાનો અદાલતે આદેશ કર્યો છે.

જામનગરમાં રહેતા રમેશભાઈ વિરચંદભાઈ શાહ પાસેથી બ્રાસપાર્ટના વેપારી જય ચામુંડા બ્રાસ એન્ડના માલિક મહેશભાઈ દયાળજીભાઈ સાકરીયાએ સંબંધ દાવે હાથ ઉછીના રૂા. ૪,૦૦,૦૦૦ ની રકમ મેળવી હતી. જેની પરત ચૂકવણી માટે ચેક આપવામાં આવ્યો હતો. જે ચેક અપુરતા નાંણા ભંડોળના કારણે પરત ફર્યો હતો. જેથી અદાલતમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં સમાધાન થયું હતું. આ પછી રૂ. ૫૦ હજારની રકમ વાળા બે ચેક આપવામાં આવ્યા હતા જે પણ પરત ફરતા અદાલતમાં ફરિયાદ કરવામાં આવી હતી. જે કેસ જામનગરના એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ આરની ગોસાઈની અદાલતમાં ચાલી જતાં આરોપી મહેશભાઈને છ માસની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂા. ૧૦૦૦૦૦ પુરા ફરીયાદીને ચુકવવાનો હુકમ અને જો ઉપરોકત રકમ ભરપાઈ ન કરે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. ફરિયાદી તરફે વકીલ હિતેશ ડી સોનાગ્રા અને ચિરાગ કે સોનગ્રા રોકાયા હતા.

# નવાનગર નેચર ક્લબ દ્વારા ચકલીના માળા-પાણીના કુંડાનું વિતરણ




જામનગર : વિશ્વ ચકલી દિવસ નિમિત્તે જામનગરની નવાનગર નેચર ક્લબ દ્વારા ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

ભારત અને સમગ્ર વિશ્વમાં ચકલીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વિશ્વ ચકલી દિવસની ઉજવણીનો હેતુ લોકોને ચકલીઓના સંરક્ષણ અંગે જાગૃત કરવાનો છે. ચકલી એ પૃથ્વી પરની સૌથી સામાન્ય અને સૌથી જુની પક્ષી પ્રજાતિઓમાંની એક છે. ચકલીની લુપ્ત થતી પ્રજાતિઓ અને ઘટની જતી વસતિ ચિંતાનો વિષય છે.

એક સમય હતો જયારે ચકલીઓનો કિલકિલાટ લોકોને ઊંઘમાંથી જગાડતો હતો, પરંતુ હવે એવું નથી. ચકલી એક એવું પક્ષી છે જે મનુષ્યની આસપાસ રહેવાનું પસંદ કરે છે. ચકલીઓની સંખ્યામાં સતત ઘટાડો એ ચેતવણી છે કે પ્રદૂષણ અને કિરણોત્સર્ગ પ્રકૃતિ અને માનવીઓને અસર કરી રહ્યા છે.

આજના સમયમાં આ કોક્રિટના જંગલો વચ્ચે અબોલ જીવો માટે જીવવું કપરૂ બનીને રહી ગયું છે. પ્રદૂષણ, ઘોંઘાટ, ખેતરોમાં થતો કેમિકલયુક્ત દવાનો છંટકાવ, મોબાઈલ ટાવરના રેડિયેશનના કારણે શહેરમાંથી લુપ્ત થઈ રહી છે. શહેરમાં ફક્ત ઘરચકલીઓ જ નહીં, પરંતુ કોયલનો મધૂર અવાજ, કાગડા, પોપટ જેવા પક્ષીઓની પણ સંખ્યા ઘટી રહી છે. તેઓનું અસ્તિત્વ જોખમાતું જાય છે.

હવે ફરી લોકોના ઘરમાં ચકલીની ચી...ચી...નો અવાજ સાંભળવા મળે તે માટે દેશ અને દુનિયામાં અનેક સંસ્થાઓ ચકલી બચાવો અભિયાન ચલાવી રહી છે. જામનગરની નવાનગર નેચર ક્લબ પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન માટે છેલ્લા સત્તર વર્ષથી કામ કરે છે. આ સંસ્થા ચકલી બચાવો અંતર્ગત સ્કૂલોમાં ચકલીઓની વાર્તા, માળા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. સંસ્થા દ્વારા ગુલાબનગર રોડ, ગણેશ કોલ્ડ સ્ટોરેજ પાસે માળા તથા પાણીના કુંડાઓનું વિનામૂલ્યે બે હજાર જેટલા માળા તથા કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આવનારી પેઢીને આપણે વારસામાં આપવું જ હોય તો વન્યજીવન અને પર્યાવરણની શીખ આપવાની જરૂર છે. જો આવું નહિં કરીએ તો આવનારા સમયમાં આ વન્યજીવો માત્ર ફોટા અને પાઠ્યપુસ્તકોમાં પૂરતા જ રહી જશે. આ વન્યસંપદા અને ચકલી બચાવવાનો પ્રયાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કાજલ હિન્દુસ્તાનીના નિવેદન સામે પટેલ સમાજના આગેવાનો દ્વારા અપાયું આવેદન


તસવીરઃ સુનિલ ચુડાસમા

સુરતમાં તાજેતરમાં યોજાયેલા એક સ્નેહ મિલનના કાર્યક્રમમાં કાજલ હિન્દુસ્તાનીએ મોરબીની પટેલ સમાજની સાત દીકરીઓએ બોયફ્રેન્ડ બનાવ્યાના કરેલા વિવાદિત નિવેદનના પગલે પટેલ સમાજમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. આ મામલે આજે સામાજિક કાર્યકર પાર્થ એમ. પટેલના વડપણ હેઠળ પટેલ સમાજના વ્યક્તિઓએ એસપીને આવેદન પાઠવ્યું છે.

# આંખનો વિના મુલ્યે કેમ્પ

જામનગર : રંગુનવાલા ટ્રસ્ટની એક યાદી જણાવે છે કે, ગુરૂવાર તા.૨૮/૦૩/૨૦૨૪ સવારના ૯ વાગ્યે આંખનો વિના મુલ્યે. કેમ્પ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ-જામનગર - શ્રી રણછોડદાસ બાપુ આશ્રમ-રાજકોટ તથા જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી - જામનગરના સહયોગથી રંગુનવાલા હોસ્પીટલમાં યોજવામાં આવેલ છે આ કેમ્પમાં આંખના દર્દીઓને ચેક કરી યોગ્ય દા-ટીપા આપવામાં આવશે અને મોતિયાના દર્દીઓને શ્રી રણછોડાદસ આશ્રમ હોસ્પિટલ- રાજકોટ બસમા લઇ જવામાં આવશે. ત્યાં રહેવાની અને જમવાની વ્યવસ્થા કરવામાં આવશે ત્યાં આંખનું ઓપરેશન ફેંકો પધ્ધતિથી (ટાંકા વગર) કરી બસમાં પરત જામનગર મુકી જવામાં આવશે. આ તમામ પ્રકારની વ્યવસ્થા વિનામુલ્યે કેમ્પ આયોજક તરફથી કરવામાં આવેલ છે કેમ્પમા આવનાર દરેક વ્યક્તિએ મોઢા પર માસ્ક પહેરીને આવવાનુ. મોતિયાના દર્દીઓએ પોતાના આધાર કાર્ડની ઝેરોક્ષ તથા મોબાઈલ નંબર સાથે લાવવા ફરજીયાત છે.

# સાત વર્ષની બાળાએ રોઝા રાખી કરી ખુદાની બંદગી


તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકાના યુવા પત્રકાર અને મુસ્લિમ સમાજના યુવા અગ્રણી એવા મોખા અબ્દુલના પુત્ર શિફતેન રઝા એ માત્ર ૭ વર્ષની ઉંમરમાં રોજો રાખી અને ખુદાની ઈબાદત કરી હતી રોજો ખોલવા સમયે ખુદા પાસેથી એવી દુઆ માંગી હતી કે ભારત દેશમાં સુખ શાંતિ બની રહે અને તમામ દેશવાસીઓ ખુશ ખુશાલ રહે

# દ્વારકાની અંગ્રેજી માધ્યમ શાળાના આચાર્યાને શ્રેષ્ઠ સમાજસેવી એવોર્ડ એનાયત



તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : ઓલ મીડિયા કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા દિલ્લીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે રાષ્ટ્રીય સન્માન સમારોહ-૨૦૨૪ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના ગૌરવ સમાન દ્વારકાના અગ્રણી અને પ્રસિદ્ધ સમાજસેવીકા અને ડી. એન. પી. અંગ્રેજી માધ્યમ શાળા ના આચાર્યા મીનાક્ષીબેન ઠાકરને "શ્રેષ્ઠ સમાજસેવી" તરીકે દેશના જાણીતા રાજકીય નેતાઓ, અગ્રણીઓ અને સંતોના વરદ હસ્તે રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ એનાયત કરી શાલ, સન્માનપત્ર અને મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવેલ. જે સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવ સમાન બાબત છે.

## અવસાન નોંધ

**નાની ખાવડી :** ચંપાબેન ચંદુલાલ જોષી (ઉ.વ.૮૨) નું તા.૨૪-૩-૨૦૨૪ ને રવિવારના અવસાન થયેલ છે. રાજેશ ચંદુલાલ જોષી ૯૯૨૫૫ ૬૦૬૫૩, અશોક ચંદુલાલ જોષી ૯૯૦૪૮ ૧૮૫૬૬, દિનેશ ચંદુલાલ જોષી જ૯૯૦૯૧ ૬૪૨૪૪.

**જામનગર :** ચોર્યાસી મેવાડા બ્રાહ્મણ સ્વ.બકુલચંદ્ર ભગવાનજીભાઈ ઉપાધ્યાય (ઉમર વર્ષ ૭૫) નું બેસણું તા.૨૮-૦૩-૨૪ ને ગુરુવાર ના રોજ નિવાસ સ્થાને (૨૭ જનતા સોસાયટી ક્રિષ્ના કોમ્પ્લેક્સ જનતા ફાટક જામનગર ખાતે) સાંજે ૪ થી ૬ ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે. તે સ્વ.પન્નાબેન બકુલભાઈ ઉપાધ્યાય (જેકુવરબેન સ્કૂલ ટીચર) ના પતિ, હાર્દિક ઉપાધ્યાય (HDFC BANK) અને રિદ્ધિ કવનકુમાર ભટ્ટ (અમદાવાદ) ના પિતાશ્રી થાય તથા ડૉ.પ્રકાશભાઈ ઉપાધ્યાય અને સ્વ.જગદીશભાઈ ઉપાધ્યાય ના ભાઈ થાય. હાર્દિક બકુલભાઈ ઉપાધ્યાય ૮૨૩૮૦૮૦૦૦૮, જય જગદીશભાઈ ઉપાધ્યાય ૯૬૦૧૦૦૫૩૦૪

# જામનગરમાં ત્રણબત્તી વિસ્તારમાં કરિયાણા, મીઠાઈ-ફરસાણની ત્રણ દુકાનોને નિશાન બનાવતા તસ્કરો

## એક વર્ષ દરમિયાન સતત ત્રીજી વખત ત્રણેય દુકાનોને ટાર્ગેટ બનાવતા તસ્કરો : પોલીસ તંત્ર દોડતું થયું





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ત્રણ બત્તી વિસ્તારમાં ડીએસપી બંગલા પાછળના ભાગમાં આવેલ એકીસાથે ત્રણ દુકાનોને ગઈકાલે રાત્રીના સમયે તસ્કરોએ નિશાન બનાવી લેતાં ભારે દેકારો થઈ ગયો છે, આ ત્રણેય દુકાનો કે જે રેલવે તંત્રના ભાડા પટ્ટામાં છે, અને પાકી છત ન હોવાથી તસ્કરોએ એક વર્ષ દરમિયાન ત્રીજી વખત ટાર્ગેટ બનાવી લીધી હોવાનું સામે આવ્યું છે. જયારે બનાવને લઈ આસપાસના અન્ય વેપારીઓ એકત્ર થઈ ગયા છે. પોલીસને જાણ કરવામાં આવી છે.

જામનગરમાં ત્રણ બત્તી વિસ્તારમાં જિલ્લા પોલીસ વડાના નિવસ્થાનની પાછળના વિસ્તારમાં આવેલી અનાજ કરીયાણાંની દુકાન તેમજ તેની બાજુમાં જ આવેલી મીઠાઈ-ફરસાણની દુકાન સહિત એકીસાથે ત્રણ દુકાનોને ગઈરાત્રી દરમિયાન તસ્કરોએ નિશાન બનાવી હતી. અને દુકાનની પાકી છત ન હોવાથી અને પતરા હોવાના કારણે દુકાનના પતરા તોડી અંદર પ્રવેશ પ્રવેશ્યા હતા. ત્યાર બાદ દુકાનમાં રહેલો અનાજ કરિયાણાં-મીઠાઈ ફરસાણ સહિતનો માલ સામાન રફેદફે કર્યો હતો, પરંતુ વેપારીઓ દ્વારા કોઈ રોકડ રકમ રાખવામાં આવી ન હોવાથી તસ્કરો કોઈ મોટી રકમ લઈ જવામાં સફળ થયા ન હતા. આજે વહેલી સવારે દુકાન ખોલતી વખતે વેપારીઓને ઉપરોક્ત ચોરી થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી આસપાસના અન્ય વેપારીઓ એકત્ર થઈ ગયા હતા. અને પોલીસને જાણ કરાતાં સીટી બી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને સીસીટીવી કેમેરા વગેરેની મદદથી તસ્કરોને શોધવા માટેની કવાયત શરૂ કરી છે. ત્રણબત્તી વિસ્તારમાં આવેલી ઉપરોક્ત ત્રણેય દુકાનો કે જેને એક વર્ષ પહેલા પણ નિશાન બનાવાઈ હતી, ત્યારબાદ ચાર માસ પહેલા પણ આ જ ત્રણેય દુકાનોમાં ચોરી થઈ હતી, અને સતત ત્રીજીવાર દુકાનને નિશાન બનાવી છે. રેલવે તંત્ર પાસે આ ત્રણેય દુકાનો ભાડા પટ્ટામાં હોવાથી પાકી છત ન હોવાના કારણે સતત ટાર્ગેટ કરી રહ્યા હોવાનું વેપારીઓએ જણાવ્યું છે.

## દ્વારકા નજીકના વરવાળા ગામે જૂના ઝઘડાનો ખાર રાખી યુવાન પર ૧૪ શખ્સોનો હિચકારો હુમલો

ખંભાળિયા : દ્વારકા નજીકના વરવાળા ગામે અગાઉના ઝઘડાનો ખાર રાખી એક યુવાન પર ૧૪ શખ્સોએ છરી, લોખંડના પાઈપ જેવા તિક્ષણ હથિયારો વડે જીવલેણ હુમલો કરતા યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. જયારે તમામ શખ્સો સામે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દ્વારકા તાબેના વરવાળા ગામે રહેતા જુમાભાઈ ઉર્ફે ડાડો ઈશાભાઈ જુસબભાઈ ઢોકી નામના ૩૪ વર્ષના માછીમાર યુવાન ગઈકાલે મંગળવારે તેમના પત્નીને સાથે લઈ અને દવાખાને જઈ રહ્યા હતા, ત્યારે દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાંથી પસાર થતા અહીં અગાઉના ઝઘડા તથા તકરારનો ખાર રાખી અને પૂર્વયોજીત કાવતરું રચીને આરોપી ગુલાબ હુસેન ઈસા લુચાણી, ઈસ્માઈલ ઈસા લુચાણી, જેનુલ ઈસા, ગફુર ઈસા, ઈરફાન ઉર્ફે લાલુ કાસમ, કાસમ ઈસા, સતાર સુમાર ઢોકી, સાદિક સત્તા ઢોકી, હાસમ સુમાર ઢોકી, ઈમરાન હાસમ ઢોકી, અસગર સતાર ઢોકી, સબીર સતાર ઢોકી અને રુકસાના ઉર્ફે રૂકુ હાસમ ઢોકી નામના ૧૪ શખ્સોએ એકસંપ કરી અને ફરિયાદી જુમાભાઈ ઢોકી ઉપર ભાલુ, છરી, લોખંડના પાઈપ, લાકડીઓ, ધોકા વિગેરે જેવા હથિયારો વડે તૂટી પડ્યા હતા.

આમ, ગેરકાયદેસર રીતે મંડળી રચી અને આરોપીઓએ ફરિયાદી જુમાભાઈ ઉપર હુમલો કરી, બિભત્સ ગાળો કાઢી, અને તેમની મોટરકારમાં હથિયારો વડે નુકસાની કર્યાની ધોરણસર ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવે છે. જે અંગે પોલીસે આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૧૨૦ (બી), ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.એચ. સુવા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## જામનગરમાં એડવોકેટની હત્યા પ્રકરણમાં ૮ ઝડપાયા : ૭ની શોધખોળ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં એડવોકેટની હત્યા પ્રકરણમાં વધુ બે કિશોર સહિત ચાર શખ્સોની ધરપકડ કરીને બન્ને કિશોરોને સુધારગૃહમાં અને બે શખ્સોને કોર્ટમાં રજૂ કરીને સાત દિવસા રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. આ કેસમાં ધરપકડનો આંક ૮ થયો છે. હજૂ આઠ આરોપી પોલીસની પકડથી દુર છે.

બેડીમાં એડવોકેટ હારૂન પલેજાની ગત્ તા. ૧૩ ને બુધવારના સરાજાહેર થયેલી હત્યાથી શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે પૂર્વ કોર્પોરેટર સહિત ૧૫ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. આરોપીઓ ફરાર થઈ જતાં તેની શોધખોળ માટે એસપીની સૂચનાથી સિટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાની આગેવાનીમાં એક ટીમ બનાવવામાં આવી હતી અને આરોપીઓને શોધ માટે કવાયત હાથ ધર્યા બાદ તા. ૧૯ના બસીમ જુસબ સાયચાની ધરપકડ કરવામાં આવી હતી. તેને સાત દિવસના રિમાન્ડ બાદ સિકંદર નૂરમામદ સાયચા, દિલાવર હુસેન કકલ અને સુલેમાન હુશેન કકલની ધરપકડ કરીને સાત—સાત દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. જે બાદ હોળીના તહેવાર દરમિયાન પોલીસે બે કિશોર ઈમરાન નૂરમામદ સાયચા અને રમજાન સલીમ સાયચાની ધરપકડ કરી હતી. જેમાં બન્ને કિશોરોને સુધારગૃહમાં મોકલી આપ્યા હતા. ગઈકાલે ઈમરાન અને રજાકને કોર્ટમાં રજૂ કરીને સાત દિવસના રીમાન્ડ પર લઈ આકરી પૂછપરછ કરવામાં આવી હતી. ફરાર ગુલામ જુસબ સાયચા, એઝાજ ઉંમર સાયચા અસગર જુસબ સાયચા, મહેબૂબ જુસબ સાયચા, રજાક ઉર્ફે સોપારી, પૂર્વ કોર્પોરેટર ઉમર ઓસમાણ ચમડિયા, શબ્બીર ઓસમાણ ચમડિયાની શોધખોળ કરવામાં આવી રહી છે.

## લાલપુરના હરિપર નજીક એડવોકેટ પર ચારેક શખ્સોએ હુમલો કરી દેતા સારવાર ખસેડાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર પંથકના વતની એક એડવોકેટ પર ગઈકાલે સાંજે ચારથી પાંચ જેટલા શખ્સો ધોકા પાઈપ વડે એડવોકેટ તૂટી પરથી પડ્યા હોવાથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા છે. જે મામલે પોલીસ તંત્ર દોડતું થયું છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર ના એડવોકેટ અનિલભાઈ પણસારા કે જેઓની હરીપર નજીક જમીન આવેલી છે, જે જમીનના પ્રશ્ને ચારથી પાંચ જેટલા વ્યક્તિ સાથે વાંધો ચાલી રહ્યો છે, અને તે જમીનના વેચાણ સંબંધે હુમલાખોરોએ એડવોકેટ સાથે તકરાર કરી હતી.

ગઈકાલે એડવોકેટ હરીપર ગામે પોતાની જમીન પાસે કાર લઈને પહોંચ્યા હતા, જે દરમિયાન અન્ય વાહનોમાં આવેલા ચારથી પાંચ જેટલા વ્યક્તિ એ આ જમીન તમારા પિતાએ અમને આપી દીધી છે, તેમ કહી તકરાર કરી હતી, અને માથામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં ધોકા-પાઈપ વડે હુમલો કરી દીધો હતો. જેથી એડવોકેટને ગઈકાલે મોડી સાંજે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતાં લાલપુરની પોલીસ ટિમ ઘટના સ્થળે, તેમજ જી.જી. હોસ્પિટલ દોડી ગઈ છે, અને સમગ્ર બનાવ બાબતે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. એડવોકેટ પરના હુમલા ના બનાવને લઈને વકીલ મંડળમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

## જામનગરમાં ડુપ્લીકેટ તમાકુના કોપીરાઈટ ભંગના ગુનામાં નાસ્તો ફરતો આરોપી ઝડપાયા



જામનગર : જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં એક વર્ષ પહેલાં ડુપ્લિકેટ તમાકુ અંગે કોપીરાઈટ ભંગનો કેસ નોંધાયો હતો, જે ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને વાંકાનેર માંથી ઝડપી લેવાયો છે, અને સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દેવાયો છે.

જામનગરની પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના પંચાસર ગામના સબીર હુસૈન અબ્દુલભાઈ શેરસીયા નામના શખ્સ સામે એક વર્ષ પહેલાં જામનગરના સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ડુપ્લીકેટ તમાકુ અંગે કોપી રાઈટ ભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો, અને તે ગુનામાં છેલ્લા એક વર્ષથી આરોપી નાસ્તો ફરતો રહ્યો હતો.

દરમિયાન જામનગરની પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમેં વાંકાનેર પંથકમાં દરોડો પાડી આરોપી સબીર શેરસિયાને ઝડપી લીધો છે, અને તેને જામનગર લઈ આવ્યા પછી સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં સૂપ્રત કરી દીધા છે.

## ખંભાળિયામાં ન્યૂડ વિડિયો ઉતારનાર આરોપીને ફટકારાઈ ત્રણ વર્ષની કેદ

ખંભાળિયા : ખંભાળિયામાં એક વ્યક્તિનો ન્યૂડ વિડિયો બનાવી તેને વાયરલ કરવાની ધમકી આપવા અંગેનો કેસ અદાલતમાં ચાલી જતાં આરોપીને ૩ વર્ષની સખત કેદની સજા તેમજ રૂા. એક લાખનો દંડ કરવામાં આવ્યો છે.

અનિલ વિરમભાઈ રાજગોર (રે. ખોડિયાર કોલોની, નીલકમલ સોસાયટી આ કામના ફરિયાદીને તેઓ બાથરૂમમાં ન્હાતા હોય તે વખતે તેમનો ન્યૂડ વિડિયો બનાવી તે વિડિયો તેમને બતાવી વાયરલ કરી દેવાની ધમકી આપી ફરિયાદીના મોબાઈલમાંથી તેમના પોતાના ન્યુડ વિડિયો અને ફોટા મોકલવાની ધમકી આપી ત્યારબબાદ આરોપીએ ફરિયાદી પાસેથી મેળવી ફરિયાદીના તેમના ન્યુડ ફોડા વાયરલ કરી દેવાની ધમકી આપી ફરિયાદીના લગ્ન બાદ તેમના અગાઉના ન્યૂડ વિડિયો તથા ફોટોગ્રાફસ અરમાન પટેલ તથા હીર પટેલ નામની અલગ અલગ ફેસબુક આઈડી પરથી ફરિયાદીના પતિ અને આ કામના સાહેદ મોબાઈલમા તેમના ફેસબૂક એકાઉન્ટ પર મોકલી ઈન્ટરનેટ કોલ કરી ધમકી આપી ફીરયાદી ચરિત્રહિન હોવાનું આળ મૂકી ફરિયાદીને પોતાના પતિને છોડી આરોપી સાથે સંબંધ રાખવા ધમકી આપી ગુન આચરેલ હતો. આ કેસમાં તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા ખંભાળિયા પોલીસે ચાર્જશીટ કરી અદાલતમાં રજૂ કરતાં અદાલતે વકીલની દલીલો માન્ય રાખી આરોપીને ૩ વર્ષની કેદ તથા રૂા. એક લાખનો દંડ ફટકાર્યો હતો.

## કલ્યાણપુરના લાંબા ગામે 'તું ડાકણ છો' તેમ કહી મહિલા પર લાકડી વડે હુમલો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતી એક મહિલાને 'તું ડાકણ છો' તેમ કહી બે મહિલાએ લાકડી વડે માર માર્યાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા મીણીબેન વીરાભાઈ ભીખાભાઈ કંડોરીયા નામના ૫૦ વર્ષના આહિર મહિલાને "તું ડાકણ છે, અમારા છોકરાને કરી મૂકે છે"- તેમ કહીને નયનાબેન રાજુભાઈ ચેતરીયા અને શીતલબેન કિશનભાઈ ચેતરીયા દ્વારા લાકડી વડે બેફામ માર મારી, પથ્થરના ઘા કરીને વ્યાપક ઈજાઓ કર્યાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે કલ્યાણપુર પોલીસે આરોપી નયનાબેન તથા શીતલબેન સામે ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી.

## જામનગરના હાપા વિસ્તારમાં ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે સ્કૂટર ચાલક ઝડપાયો




જામનગર : જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા હાપા રોડ પર પેટ્રોલિંગ હાથ ધરી સ્કૂટરમાં દારૂની હેરાફેરી કરી રહેલા એક શખ્સને ૩૦ બોટલ દારૂ સાથે ઝડપી તેની અટકાયત કરવામાં આવ્યા છે.

આ દરોડા થી વિગત એવી છે કે જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર હાપા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં અવ્યય હતું. જે દરમિયાન હાપા રેલવે સ્ટેશન પાસે રહેતો સોહીલ સુલતાનભાઈ ખીરા નામનો શખ્સ પોતાના સ્કૂટરમાં શંકાસ્પદ હાલતમાં પસાર થતાં, તેને અટકાવીને તલાસી લીધી હતી. જે તલાસી દરમિયાન તેના કબજા માંથી ૩૦ નંગ ઈંગ્લીશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. જેથી રૂપિયા ૧૨,૦૦૦ ની કિંમતનો દારૂ તેમજ સ્કૂટર સહિત કુલ રૂપિયા ૫૨,૦૦૦ ની માલમતા કબજે કરી આરોપી સોહિલ ખીરાની અટકાયત કરી લઈ પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દેવાયો છે.

## દ્વારકાના ગાયત્રી મંદિર સમુદ્ર પાસેથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો



તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકા ખાતે આવેલા ગાયત્રી મંદિર પાસેના સમુદ્ર કિનારે કોઈ લાશ તરતી હોય, જે અંગે દ્વારકા નગરપાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયર તથા ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીમાં તરી રહેલા કોઈ અજાણ્યા પુરૂષનો મૃતદેહ બહાર કાઢી દ્વારકાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે તેમજ પોલીસને જાણ કરાતા તેઓએ પણ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## માત્ર ૪૦ મતદાર ધરાવતા અજાડ ટાપુ પર મતદાન અંગેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરતાં જિલ્લા કલેક્ટર







દ્વારકા : મતદારોની દ્રષ્ટીએ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, સાથોસાથ વિશાળ અને વૈવિધ્યસભર ભૂપૃષ્ઠોને કારણે પણ દેશનો એકપણ નાગરિક મતદાનના અધિકારથી વંચિત રહી ન જાય તે સુનિશ્ચિત કરવું એ પણ મોટો પડકાર છે. પરંતુ ભારતના ચૂંટણી પંચના 'ઈદ્દીઅિ ફી ર્ક્ષેહંજ' ના અભિગમને સાર્થક કરવામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ચૂંટણી તંત્ર પણ એટલું જ સુસજ્જ છે. જ્યાં પરિવહનની જરૂરી વ્યવસ્થાઓના અભાવે પહોંચવું મુશ્કેલીભર્યું હોય છે અથવા મતદારોને મતદાન કરવા દૂર સુધીનું અંતર કાપવું પડે છે. આવી તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી જી. ટી. પંડ્યાના નેતૃત્વમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અજાડ ટાપુ સહિતના સ્થળોએ વિશિષ્ટ મતદાન મથકો તૈયાર કરી ભારતના ચૂંટણી પંચના 'Every Vote Counts'ના સંકલ્પને સાર્થક કરવાના સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાનું આવું જ એક સ્થળ છે અજાડ ટાપુ. ૬૮-અજાડ ટાપુ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧-ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, જે ટાપુ દરિયા કિનારાથી લગભગ ૧૦ કિ.મી. દૂર છે. આ વિસ્તારના માત્ર ૪૦ મતદારો માટે તંબુ (િહં) માં મતદાન મથક તૈયાર કરવામાં આવે છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ ટાપુ પર એક મતદાન મથક સ્થાપિત કરવામાં આવે છે, જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે. પરિવહનનો એકમાત્ર રસ્તો બોટ છે, આ મતદાન મથક ખાતે મતદાન સ્ટાફને મોટા આસોટાથી ૧૩ કિ.મી. જેટલા રસ્તા મારફતે ગડુ વિસ્તાર પહોંચી ત્યાંથી બોટ મારફત અંદાજિત ૪.૩ નોટીકલ માઈલ દરિયાઈ મુસાફરી કરે છે અને મતદાન મશીનો સાથે તમામ જરૂરી સામગ્રી લઈ જાય છે. મતદાન મથક માટે તેની ભૌતિક અને ભૌગોલિક વિશિષ્ટતા અને અંતરને ધ્યાનમાં રાખીને અલાયદો માર્ગ નક્કી કરવામાં આવે છે. ટાપુ ખાતે ટેન્ટ લગાવી તેનો મતદાન મથક તરીકે ઉપયોગ થાય છે. જ્યાં તમામ ખાતરીપૂર્વકની લઘુત્તમ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સર્વસમાવેશી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના પ્રયાસનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લાનું આવું જ એક મતદાન મથક છે કિલેશ્વર નેસ. આ મતદાન મથક દેવભૂમિ દ્વારકાના ૮૧-ખંભાળિયા મતવિસ્તારમાં આવેલું છે, નેસ વિસ્તારમાં બરડા પર્વતના ઊંડા જંગલ વિસ્તારમાં આવેલ આ વિસ્તારમાં ૫૧૬ જેટલા મતદારો નોંધાયેલા છે. તે મતદાન મથક સાથે સંપર્ક કરવાનું એકમાત્ર સાધન વાયરલેસ સેટ છે. અહીં પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન અંગેની તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી દરેક મતદાર મતદાન કરી શકે તેની પૂરતી કાળજી લેવામાં આવે છે.